# આત્મધર્મ

## વર્ષ ૨૫

## સળંગ અંક ૨૯૮

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | June 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૮

## બંને સરખા

ભગવાનનો ભક્ત કહે છે કે અરે ઈન્દ્ર ! તું પણ ભગવાનની સ્તુતિ કરતાં-કરતાં હારી ગયો છતાં મારા જેવો મનુષ્ય ભગવાનને હૃદયમાં સ્થાપીને સ્તુતિ કરવા ઉદ્યમી થયો છે! કેમકે સર્વજ્ઞદેવની સ્તુતિ કરવા માટે કાંઈ હજાર જીભની જરૂર નથી પડતી, એને માટે તો અંતરની શ્રદ્ધારૂપી એક જ જીભ બસ છે! એ શ્રદ્ધાવડે હું સર્વજ્ઞદેવની સ્તુતિ કરું છું....તેમનો અંશ મારામાં પ્રગટ કરીને પૂર્ણતાની પ્રશંસારૂપ-ભાવનારૂપ સ્તુતિ કરું છું. -આવી સ્તુતિ કરવામાં તો તું ને હું બંને સરખા છીએ.

卐 卐 卐

તંત્રી : જગજીવન બાવચંદ દોશી – સંપાદક : બ્ર.હરિલાલ જૈન

વીર સં.૨૪૯૪ શ્રાવણ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૧૦

શ્રી દિ.જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## વા....ત્સ.....લ્ય

કુંદકુંદસ્વામી સમ્યગ્દ્રષ્ટિના નિશ્ચય-વાત્સલ્યનું વર્ણન કરતાં કહે છે કે-'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતા હોવાથી સમ્યગ્દ્રષ્ટિ 'માર્ગવત્સલ' છે.

'વાત્સલ્ય' એટલે પોતાપણાની બુદ્ધિ, જેમાં પોતાપણાની બુદ્ધિ હોય તેમાં પરમપ્રીતિરૂપ વાત્સલ્ય હોય જ. પુત્ર માને છે કે આ મારી માતા, માતા માને છે કે આ મારો પુત્ર, -તો બંનેને અરસપરસ સહજ વત્સલતાનું ઝરણું વહે છે; તેમ ધર્મમાં 'આ મારા સાધર્મી; જે મારો ધર્મ એ જ એનો ધર્મ-અમે બંને એક જ ધર્મના ઉપાસક' -આવી બુદ્ધિમાં સાધર્મીપ્રત્યે સહજ વાત્સલ્યભાવની ઉર્મિ આવે છે.

સમ્યકત્વરૂપી સૂર્યના આઠ સુંદર કિરણોમાં જેનું સ્થાન છે. તીર્થંકરત્વની સોળકારણભાવનામાં જેનું સ્થાન છે-એવું વાત્સલ્ય, તેનું સ્મરણ કરાવતું પર્વ એટલે શ્રાવણ સુદ પૂર્ણિમા. અકંપનાદિ મુનિવરોની નિષ્કંપતા, આચાર્ય શ્રુતસાગર તથા વિષ્ણુકુમાર મુનિવરોની વત્સલતા, હસ્તિનાપુરીના શ્રાવકોનો ધર્મપ્રેમ-એ બધું શ્રાવણ સુદ પૂર્ણિમાએ યાદ આવશે; ને ચારેકોર હજારો હાથમાં વાત્સલ્યપ્રેમના બંધન દેખાશે..પરંતુ, માત્ર અકંપનસ્વામીને કે વિષ્ણુસ્વામીને યાદ કરી લેવાથી, કે બહેનીના હસ્તે ભાઈના હાથમાં સુશોભિત રાખડી બાંધી દેવાથી જ સંતુષ્ટ થવાનું નહિ પાલવે. આત્માના પ્રદેશે પ્રદેશે ધર્મપ્રેમ એકરસ થઈ જાય, ધાર્મિક પ્રીતિનો દોર આત્મામાં એવો બંધાઈ જાય-કે જે માત્ર શ્રાવણી પૂનમે જ નહિ પણ જીવનની પ્રત્યેક પળે સદૈવ આત્મા સાથે અભેદપણે બંધાયેલો જ રહે. પોતાના રત્નત્રયધર્મ પ્રત્યે જેને આવો પ્રેમ છે તેને એવા રત્નત્રયસાધક ધર્માત્માઓ પ્રત્યે ને સાધર્મીઓ પ્રત્યે પણ પ્રેમ ઉલ્લસે છે. વાત્સલ્ય એ કાંઈ સામા ઉપર ઉપકાર કરવા માટે નથી પણ વાત્સલ્યની ખુમારી પોતાની ધર્મભાવનાને પુષ્ટ કરે છે, રત્નત્રયના પરમપ્રેમને પોષણ આપે છે ને રત્નત્રયધર્મ પ્રત્યે પરમ ભક્તિ તથા ઉલ્લાસ જગાડે છે.

આવા વાત્સલ્યને આરાધીએ...એવું આરાધીએ કે તે પર્વ માત્ર શ્રાવણની પૂનમ પૂરતું મર્યાદિત ન રહે પણ આત્મામાં પર્યાયે પર્યાયે ધર્મપ્રેમની પુષ્ટિ કરતું થકું આત્મામાં સદાય વાત્સલ્યપર્વ રહ્યા કરે. શુદ્ધચેતનારૂપી નિર્દોષ બહેન, તેના દ્વારા ચૈતન્યબંધુની નિર્મોહભાવે રક્ષા કરીને આવું વાત્સલ્યપર્વ ઉજવીએ. -जय जिनेन्द्र

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
વર્ષ ૨૫: અંક ૧૦

વીર સં. ૨૪૯૪
શ્રાવણ

# નાનકડો દીવો

આદિનાથ ભગવાનની સ્તુતિ કરતાં શ્રી વાદીરાજમુનિ કહે છે કે હે નાથ! ભરતક્ષેત્રમાં આપે એકલાએ જ યુગનો ભાર ઉપાડયો ને યુગની આદિમાં જીવોને માર્ગદર્શન આપ્યું. જેમ વિકલ્પમાં ચૈતન્યનો ભાર ઉપાડવાની તાકાત નથી તેમ હે નાથ! આ ધર્મયુગનો ભાર ઉપાડવાની આપના સિવાય કોઈની તાકાત ન હતી. હે દેવ! મોટામોટા મુનિવરો પણ આપની સ્તુતિ પૂરી કરી ન શકયા, ને અંતે વિકલ્પ તોડીને સ્વરૂપમાં સમાયા; તો હું આપની સ્તુતિ કેમ કરી શકીશ? છતાંય, હે નાથ! જેમ ઊંડી ગૂફામાં જ્યાં સૂર્યનાં કિરણો ન પ્રવેશી શકે ત્યાં શું નાનકડો દીપક અજવાળું નથી કરતો? તેમ હું મારી અલ્પબુદ્ધિ દ્વારા આપની સ્તુતિ કરવા તત્પર થયો છું. કેવળજ્ઞાનરૂપી સૂર્ય તો મારી પાસે નથી પણ મતિ–શ્રુતજ્ઞાનરૂપી નાનકડા દીપક વડે અમારા ચૈતન્યની સંભાળ કરીને હું આપની સ્તુતિ કરીશ. એ નાનકડા દીપકના પ્રકાશમાં પણ હું આપને દેખી લઈશ. હે પ્રભો! મતિ–શ્રુતજ્ઞાનની જેટલી તાકાત છે તેટલા વડે હું આપને મેળવી લઈશ એવો મને હરખ અને વિશ્વાસ છે. અલ્પ મતિ–શ્રુતજ્ઞાનની સ્વસંવેદનશક્તિદ્વારા પણ હું ચૈતન્યસ્વભાવને અનુભવીને આપની આરાધના કરીશ.

જુઓ, આ સ્તુતિકારનો ઉત્સાહ અને દ્રઢતા. પોતાના મતિ–શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ કરીને તે સર્વજ્ઞની સ્તુતિ કરે છે. મતિ–શ્રુતના નાનકડા દીવા વડે પણ સર્વજ્ઞના માર્ગને પ્રકાશીત કરીને પોતે નિઃશંક તે માર્ગે ચાલ્યા જાય છે. (એકીભાવ સ્તોત્ર–પ્રવચનમાંથી)

# મહાવીરના દિવ્યધ્વનિનો સન્દેશ

**વીરનાથે વિપુલાચલ ઉપર દિવ્યવાણી દ્વારા અષાડ વદ એકમે પહેલવહેલો ઉપદેશ આપ્યો. તે ઉપદેશ દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપ જાણીને ગૌતમસ્વામી આદિ કેટલાય જીવો ધર્મરૂપે પરિણમ્યા. વીરવાણીનો એ પાવન પ્રવાહ આજે પણ વહી રહ્યો છે...ને એનું પાન કરીને આજે પણ જીવો ધર્મરૂપ થાય છે. આપણે પણ એ જિનવાણીના મધુરા વીતરાગરસનું પાન કરીએ ને ધર્મરૂપ થઈએ. અષાડ વદ એકમનું પ્રવચન અહીં આપ્યું છે.**

**( સમયસાર કળશ ૨૧૩ )**

ભગવાન મહાવીર તીર્થંકર વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન પામ્યા...૬૬ દિવસ બાદ આજે અષાડ વદ એકમે વિપુલાચલ ઉપર પહેલવહેલી દિવ્યવાણી છૂટી...તે ઝીલીને ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ ગણધરપદ પામ્યા, ને બારઅંગરૂપ શ્રુતની રચના કરી. એ રીતે વીરશાસનનો આજે મહાન મંગલ દિવસ છે; શાસનનું આજે બેસતું વર્ષ છે. ૨૫૨૪ વર્ષ પહેલાં એ પ્રસંગ બન્યો. પણ ભગવાન મહાવીરે જે ઉપદેશ આપ્યો તે આજે પણ ચાલી રહ્યો છે. ભગવાને કહેલો ભાવ ગણધરાદિ દિગંબર સંત–આચાર્યોએ શાસ્ત્રોમાં ગૂથ્યો, તે શાસ્ત્રોમાંથી કેટલાંક આજે વિદ્યમાન છે.

સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી વસ્તુસ્થિતિ શું છે તેનું આ વર્ણન ચાલે છે. જગતમાં સ્વયંસિદ્ધ અનંતા જીવ ને પુદ્ગલ દ્રવ્યો છે; તેમાંથી કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યમાં કદી ભળી જતું નથી; એકબીજામાં કાંઈ કરતા નથી. જીવ જીવપણે રહીને પોતાનું જ્ઞાનકાર્ય કરે છે; પુદ્ગલ પુદ્ગલપણે રહીને એના વર્ણાદિનું કાર્ય કરે છે. બંને સદાકાળ જુદેજુદાં પોતપોતાનું કાર્ય કરે છે; કદી પોતાના સ્વભાવની મર્યાદા છોડીને અન્ય દ્રવ્યના સ્વભાવરૂપે થતાં નથી. –આવો નિશ્ચય છે, સર્વજ્ઞ પરમેશ્વરે દિવ્યધ્વનિમાં આવું સ્વરૂપ કહ્યું છે, ને તે અનુભવગોચર પણ થાય છે.

આત્મા જ્ઞેયવસ્તુઓને જાણે ખરો, પણ જ્ઞેય વસ્તુઓ સાથે ભળી જાય નહિ. જ્ઞેયો સાથે એકમેક થયા વગર જ જ્ઞાન તેને જાણે છે. જાણવું તે જીવનું કામ છે, પણ પદાર્થોને જાણતાં તેમાં કાંઈ ઘાલમેલ કરી દે એવું જ્ઞાનનું કામ નથી. હું તો જ્ઞાન

છું–એમ ન ઓળખતાં અજ્ઞાની અન્ય વસ્તુ સાથે પોતાનો સંબંધ માને છે. શરીરની ક્રિયાને જાણતાં, હું તેનો કર્તા હોઉં એમ અજ્ઞાની માને છે. રાગનેય જાણતાં રાગરૂપ ન થાય એવો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાન પરજ્ઞેયોથી બહાર રહીને તેમને જાણે છે, પરમાં પ્રવેશી જતું નથી–તન્મય થતું નથી. આવી જ્ઞાનની ભિન્નતા અનુભવવી તે ભગવાનનો ઉપદેશ છે. ભિન્ન જ્ઞાનના અનુભવમાં રાગ–દ્વેષનું વેદન ન રહ્યું એટલે વીતરાગી સુખનું વેદન રહ્યું. આ રીતે જ્ઞાનના અનુભવમાં સુખ વગેરે અનંત ગુણનો ભેગો અનુભવ છે.

હું શરીરાદિ જ્ઞેયરૂપે થતો નથી, હું તો જ્ઞાનરૂપે જ રહું છું–એમ જ્ઞાનસ્વરૂપમાં દ્રષ્ટિ કરતાં ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે. જ્ઞાનસ્વરૂપે આત્માને દેખે તેણે ભગવાનનો ઉપદેશ જાણ્યો છે. પર જ્ઞેય સાથે જ્ઞાનની ભેળસેળ માને તેણે વીરભગવાને કહેલા વસ્તુસ્વરૂપને જાણ્યું નથી, એટલે તેને ધર્મ થતો નથી. વસ્તુસ્વરૂપ જેવું છે તેવું સાધે તો ધર્મ થાય.

દરેક વસ્તુ પોતાની મર્યાદામાં–સીમામાં રહે છે, મર્યાદા તોડીને બીજામાં ભળી જતી નથી. આત્માનો એક પ્રદેશ પણ કદી પુદ્ગલમાં ભળી જાય, કે પુદ્ગલનો એક પરમાણુ પણ કદી આત્મામાં ભળી જાય, એમ બનતું નથી. –આવી ભિન્નતાના ભાન વિના જ્ઞાન પોતાના આત્મામાં ઠરશે નહિ, ને તેને ધર્મ કે સુખ થશે નહિ. પરથી ભિન્નતા જાણીને જ્ઞાન પોતામાં ઠરે તે ધર્મ અને સુખ છે.

જીવનો સ્વભાવ જ્ઞાન છે, તે જ્ઞાનનું કાર્ય જ્ઞેયોને જાણવાનું છે; ભલે જ્ઞેયોને જાણે, તેથી કાંઈ હાનિ નથી; કેમકે જ્ઞેયને જાણવા છતાં જ્ઞાન તો પોતાના સ્વરૂપે રહે છે. ભગવાને આવો સ્વભાવ જાણ્યો ને વિપુલાચલ પર દિવ્યધ્વનિ વડે આવો સ્વભાવ જગતને દેખાડયો. આવા શુદ્ધજ્ઞાનની અનુભૂતિ તે જિનશાસનની અનુભૂતિ છે.

વ્યવહારકથનમાં જીવને પરનો કર્તા કહેવામાં આવે, પણ તે કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી. સાચું વસ્તુસ્વરૂપ વિચારતાં એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કાંઈ જ કરતું નથી. ભેદજ્ઞાન વગર અજ્ઞાની પર્યાયે–પર્યાયે ભૂલે છે; પોતે પોતાના જ્ઞાનને જ ભૂલ્યો છે. તેને સમજાવે છે કે ભાઈ, જ્ઞાન અને પરજ્ઞેય અત્યંત જુદાં છે; પરને જાણે છતાં જ્ઞાન પરમાં જરાય ભળતું નથી માટે તું તારા આત્માને જ્ઞાનસ્વરૂપે જ દેખ.

જ્ઞાન અને તેની સાથે આનંદ વગેરે અનંત ગુણ–એવા સ્વતત્ત્વને તું દેખ, તો તેમાં રાગની કે જડની જરાય ભેળસેળ તને દેખાશે નહિ; તેમજ રાગમાં કે જડમાં જ્ઞાનનો અંશ પણ નહિ દેખાય. આમ સ્વભાવ અને પરભાવની અત્યંત ભિન્નતારૂપ ભેદજ્ઞાન જિનવાણીએ કરાવ્યું છે. મહાવીરભગવાને વિપુલગિરિ ઉપર આજના દિવસે આવો ઉપદેશ આપ્યો. ને તે સમજીને ઘણા જીવો ધર્મ પામ્યા.

બહારના પદાર્થો જુદા, શરીર જાુદું, મન જાુદું, વાણી જાુદી, પાપ જાુદું, પુણ્ય જાુદું–એ બધાયથી જાુદું એવું જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે, ને તે જ્ઞાનસ્વભાવ વડે સમસ્ત જ્ઞેયોને જાણવાનું આત્માનું સામર્થ્ય છે. પરજ્ઞેયને જાણવા છતાં આત્મામાં અશુદ્ધતા કે ઉપાધિ આવી જતી નથી કેમકે પરને જાણવા છતાં આત્મા પરમાં ભળી જતો નથી. ભગવાનની વાણીએ આવી ભિન્નતા બતાવી છે. આવી વસ્તુસ્થિતિ પ્રગટ હોવા છતાં જીવો કેમ ભ્રમ કરે છે? ભ્રમથી સ્વ–પરની ભેળસેળ હોવાનું કેમ માને છે? જ્યાં વ્યવહારે એકબીજામાં ઉપચાર કરીને કહ્યું ત્યાં અજ્ઞાની ખરેખર જ સ્વ–પરને એક માની બેઠો. પણ ભાઈ! વ્યવહાર તો એકને બીજામાં ભેળવીને, એકના ભાવને બીજાનો કહે છે, પણ વસ્તુસ્વરૂપ એવું નથી. સ્વ–પરનો કોઈ અંશ એકબીજામાં ભળતો નથી. સ્વના ભાવોને સ્વ, ને પરના ભાવોને પર, એમ સ્વ–પરને અત્યંત ભિન્ન જાણતાં–માનતાં પરિણતિ સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે. મહાવીર ભગવાને આવા વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ જગતને આપ્યો. મહાવીર ભગવાને શું કહ્યું? કે સ્વ–પરની ભિન્નતા બતાવીને વીતરાગવિજ્ઞાન કરવાનું કહ્યું. –આ જ ભગવાનના દિવ્યધ્વનિનો સન્દેશ છે. ''जय महावीर''

પ્રશ્ન : – જગતમાં મૈત્રી કોની કરવી ?

ઉત્તર : – સિદ્ધ ભગવંતોની.

પ્રશ્ન : – કોની સાથે કિટ્ટા કરવી ?

પ્રશ્ન : – મિથ્યાત્વાદિ પરભાવો સાથે.

પ્રશ્ન :– સિદ્ધપ્રભુ સાથે મૈત્રી કેવી રીતે થાય?

ઉત્તર :– મિત્રતા સરખે સરખાની શોભે; એટલે 'જેવા સિદ્ધ તેવો હું' એવો અનુભવ કરતાં સિદ્ધપ્રભુ સાથે મિત્રતા થાય, ને સાદિઅનંત કાળ સિદ્ધપ્રભુની સાથમાં રહેવાનું બને.

પ્રશ્ન :– પરભાવો સાથે કટ્ટી કઈ રીતે કરવી?

ઉત્તર:– હું ને તું જાુદા, મારામાં તું નહિ ને તારામાં હું નહિ, એમ સ્વભાવ અને પરભાવની અત્યંત ભિન્નતા અનુભવતાં પરભાવો સાથે કિટ્ટા થઈ જાય છે એટલે કે તેની સાથેનો સંબંધ સર્વથા છૂટી જાય છે. પરભાવો તે મારા સ્વભાવની જાત નથી પણ કજાત છે, –કજાત સાથે મિત્રતા કેવી ?

# રાગ-દ્વેષના ક્ષયની રીત : શુદ્ધચૈતન્ય-અનુભવ

(સમયસાર કલશ ૨૧૮ થી ૨૨૦)

**આચાર્યદેવ કહે છે કે હે ભાઈ ! જેમ જ્ઞાન તારો કાયમી સ્વભાવ છે, તેમ રાગ-દ્વેષ કાંઈ તારો સ્વભાવ નથી; માટે વસ્તુસ્વભાવના અનુભવ વડે તે રાગ-દ્વેષને મટાડવાનું સુગમ છે, તેમાં કાંઈ મુશ્કેલી નથી.**

જીવનું મૂળસ્વરૂપ રાગ–દ્વેષ નથી; જીવનું મૂળસ્વરૂપ તો જ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપના અનુભવ વડે રાગ–દ્વેષનો ક્ષય થઈ જાય છે. રાગ કે દ્વેષ, અશુભ કે શુભ તે અશુદ્ધભાવપરિણતિ છે; અજ્ઞાનને લીધે જીવ પોતાને તેવા અશુદ્ધસ્વરૂપે જ અનુભવે છે. જ્ઞાની તો રાગ–દ્વેષથી ભિન્ન શુદ્ધચૈતન્યથી ઓળખાણ વડે શુદ્ધઅનુભવશીલ થયા છે, એટલે પોતાને શુદ્ધસ્વરૂપે જ અનુભવતા થકા રાગાદિ અશુદ્ધભાવને ક્ષય કરે છે. શુદ્ધતાના અનુભવ વગર રાગ–દ્વેષનો ક્ષય કદી થઈ શકે જ નહિ. તેથી કહે છે કે, શુદ્ધચૈતન્યના અનુભવશીલ એવા સમ્યગ્દ્રષ્ટિ જીવો, તત્ત્વદ્રષ્ટિવડે એટલે કે શુદ્ધ જીવસ્વરૂપના અનુભવવડે રાગ–દ્વેષને મૂળમાંથી મટાડીને દૂર કરો.

અહીં તો 'સમ્યગ્દ્રષ્ટિ' નો અર્થ જ 'શુદ્ધચૈતન્ય–અનુભવશીલ' એમ કર્યો; શુદ્ધચૈતન્યના અનુભવને જ તત્ત્વદ્રષ્ટિ કહી છે, અને એવા અનુભવવાળા જીવોને જ સમ્યગ્દ્રષ્ટિ કહ્યા છે. આવા અનુભવરૂપ શુદ્ધ તત્ત્વદ્રષ્ટિ વગર રાગ–દ્વેષ કદી છૂટે નહિ. રાગ–દ્વેષથી ભિન્નતાના અનુભવ વગર રાગ–દ્વેષ કેમ મટે ? રાગવડે મોક્ષ થવાનું જે માને છે તેને તો મોક્ષ પણ રાગવાળો જ ઠર્યો !

જીવનું સહજ સ્વરૂપ રાગ–દ્વેષવાળું નથી. જીવનું સહજ સ્વરૂપ તો જ્ઞાન–આનંદરૂપ છે. આવા સહજ સ્વરૂપના અનુભવદ્વારા મુક્તિપદની પ્રાપ્તિ થાય છે ને રાગ–દ્વેષાદિ વિભાવપરિણતિ મટી જાય છે.

કોઈ કહે કે 'રાગ–દ્વેષ છોડો...' પણ રાગ–દ્વેષ વગરનો શુદ્ધઆત્મા કેવો છે તેના અનુભવ વગર રાગ–દ્વેષ છૂટે જ નહિ; શુદ્ધપરિણતિ થયા વગર વિભાવ પરિણતિ

છૂટે નહિ. માટે રાગ–દ્વેષનું મૂળ તો અજ્ઞાન છે, ને શુદ્ધઆત્માના જ્ઞાનવડે જ તે નિર્મૂળ થાય છે. આત્માનો જ્ઞાનસ્વભાવ શું ને રાગાદિ પરભાવ શું ,–એને ઓળખ્યા વગર અજ્ઞાનપૂર્વક કદાચ રાગ–દ્વેષની થોડીક મંદતા કરે, કે અશુભ ઘટાડીને શુભ કરે, પણ તેથી કંઈ આત્માને ધર્મનો લાભ ન થાય. સર્વથા રાગ વગરનો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લ્યે ત્યારે રાગ વગરની સહજ જ્ઞાનપરિણતિ પ્રગટે, તે ધર્મ અને તે મોક્ષમાર્ગ છે. સર્વથા રાગ વગરની જે મોક્ષદશા, તેનું સાધન પણ રાગ વગરનું જ હોય; રાગ તેનું સાધન હોઈ શકે નહિ.

જીવનું સ્વરૂપ તો નિર્દોષ જ્ઞાન છે; રાગ–દ્વેષ તે તો અપરાધ છે. જ્ઞાનના અનુભવ વડે તે રાગ–દ્વેષને મટાડવાનો ઉપદેશ છે. અને સ્વાનુભવના અભ્યાસ વડે આમ થવું સુગમ છે, કાંઈ મુશ્કેલ નથી. અંતર્મુખ અભ્યાસ વડે અશુદ્ધપરિણતિ મટે છે ને શુદ્ધપરિણતિ થાય છે.

જુઓ, અહીં તો કહે છે કે આત્માના અનુભવવડે રાગ–દ્વેષને ટાળવા તે તો સુગમ છે. આત્માના જ્ઞાન વગર રાગ–દ્વેષને ટાળવા અશકય છે; પણ જ્યાં ભેદજ્ઞાન થયું ને શુદ્ધસ્વરૂપથી રાગને ભિન્ન જાણ્યો ત્યાં તે રાગને ટાળવો સુગમ છે. રાગને જ્ઞાન સાથે એકમેક અનુભવે તે રાગનો અભાવ ન કરી શકે; પણ જ્યાં ભિન્નતા જાણીને જ્ઞાન રાગથી જુદું પરિણમવા લાગ્યું ત્યાં તે પરિણમનમાં રાગનો અભાવ જ વર્તે છે.

વસ્તુના સ્વભાવથી વિચારતાં રાગ–દ્વેષ કોઈ જુદી સત્તાવાળી સ્વતંત્ર વસ્તુ નથી. જેમ જીવ જ્ઞાનસ્વરૂપ સ્વતંત્ર વસ્તુ છે, તેનો કદી અભાવ થતો નથી, તેમ રાગ–દ્વેષ કાંઈ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી કે તેનો અભાવ ન થઈ શકે. રાગ–દ્વેષ તો જીવની જ અશુદ્ધપરિણતિ હતી, જીવ જ્યાં શુદ્ધપરિણતિરૂપ થયો ત્યાં તે અશુદ્ધપરિણતિ મટી ગઈ એટલે રાગ–દ્વેષ સર્વથા મટી ગયા. આ રીતે વસ્તુસ્વરૂપને અનુભવતાં રાગ–દ્વેષને ટાળવા તે સુગમ છે. જ્ઞાનનો અભાવ ન થઈ શકે કેમકે તે તો સ્વભાવરૂપ છે, પણ રાગનો અભાવ થઈ શકે છે કેમકે તે સ્વભાવરૂપ નથી.

રાગાદિ તો પોતાના સ્વરૂપની ચીજ નથી; જ્ઞાન ને આનંદ તો પોતાનું સ્વરૂપ જ છે; તેથી તે જ્ઞાન–આનંદરૂપે પરિણમવું તે તો સ્વ–ઘરની ચીજ હોવાથી સુગમ છે; તે કયાંય બીજેથી લેવા જવું પડે તેમ નથી.

રાગાદિ નિજસ્વરૂપ નથી, તો શું તે રાગાદિની ઉત્પત્તિ બીજું કોઈ કરાવતું હશે ? – તો કહે છે કે ના; કોઈ દ્રવ્ય બળાત્કારે જીવને રાગાદિરૂપ પરિણમાવી શકતું

નથી; જગતના બધાય દ્રવ્યો પોતપોતાની અખંડ પરિણામધારામાં પરિણમી રહ્યા છે. તેથી તત્ત્વદ્રષ્ટિથી જોતાં એટલે કે સાચી દ્રષ્ટિથી વસ્તુસ્વરૂપ વિચારતાં જીવને રાગાદિ અશુદ્ધતારૂપે કોઈ અન્ય દ્રવ્ય તો નથી પરિણમાવતું, કર્મ તો જીવને રાગાદિરૂપ નથી પરિણમાવતું, પણ જીવ પોતે જ શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થઈને પર્યાયમાં રાગાદિ અશુદ્ધભાવરૂપ પરિણમે છે. જીવનો જ તે અપરાધ છે, કોઈ અન્ય દ્રવ્યનો વાંક નથી.

ભાઈ, તારી અશુદ્ધપરિણતિ તેં ઊભી કરી છે, ને તું જ તે મટાડીને શુદ્ધપરિણતિ કરવા સમર્થ છો. તારી અશુદ્ધતામાં બીજાનો શો વાંક? પોતે અશુદ્ધતા કરીને બીજાનો વાંક કાઢે તો તે અશુદ્ધતાને કયારે મટાડશે? પોતાની પર્યાયના અપરાધે અશુદ્ધતા થઈ છે એમ સમજે, ને શુદ્ધસ્વરૂપ તે અશુદ્ધતા વગરનું છે એમ અનુભવમાં લ્યે, તો શુદ્ધઅનુભવ વડે અશુદ્ધતાને મટાડે. –આવી વસ્તુસ્થિતિ છે. પરનો વાંક કાઢશે તે રાગ–દ્વેષને મટાડી શકશે નહિ, પણ મિથ્યાબુદ્ધિથી રાગ–દ્વેષ જ કર્યા કરશે. રાગ–દ્વેષ વગરના સ્વરૂપની તો તેને ખબર નથી.

જીવના સ્વરૂપમાં રાગ–દ્વેષ નથી, પરદ્રવ્ય રાગ–દ્વેષ કરાવતું નથી, એટલે રાગ–દ્વેષની કોઈ કાયમી ભૂમિકા ન રહી. પર્યાયમાં ક્ષણિક હતા, તે શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં ટળી ગયા. –માટે કહે છે કે હે ભાઈ! આવા ભેદજ્ઞાનથી શુદ્ધસ્વરૂપના અનુભવવડે રાગ–દ્વેષને સુગમતાથી મટાડી શકાય છે. રાગ–દ્વેષની કાંઈ એવી સ્વતંત્ર સત્તા નથી કે તે મટી ન શકે.

રાગ–દ્વેષ જો જીવનું સ્વરૂપ જ હોય તો મટી શકે નહિ; પણ એમ તો નથી.

વળી રાગ–દ્વેષ જો પરદ્રવ્ય કરાવતું હોય તો મટી શકે નહિ; પણ એમ તો નથી. જો પરદ્રવ્ય રાગ–દ્વેષ કરાવતું હોય તો તો સદા રાગ–દ્વેષ થયા જ કરે, તે મટાડવાનો અવસર જ ન આવે.

આચાર્યદેવ કહે છે કે અરે, જગતના જીવો ભ્રમથી પરદ્રવ્યને રાગ–દ્વેષનું કારણ માને છે; પણ તત્ત્વદ્રષ્ટિથી જોતાં પરદ્રવ્ય તો અમને જરાપણ રાગ–દ્વેષનું ઉત્પાદક દેખાતું નથી. અશુદ્ધપરિણતિથી જીવ જ રાગ–દ્વેષને કરતો હતો, જ્યાં શુદ્ધ અનુભવરૂપ પરિણમ્યો ત્યાં રાગદ્વેષ ન રહ્યા, પોતે રાગ રહિત સહજ જ્ઞાનસ્વરૂપે જ પરિણમવા લાગ્યો. આવું સ્પષ્ટ વસ્તુસ્વરૂપ છે, તેને તત્ત્વદ્રષ્ટિથી દેખો. આવી તત્ત્વદ્રષ્ટિ વડે જ રાગ–દ્વેષનો ક્ષય થશે.

પરદ્રવ્યો મને રાગ–દ્વેષ કરાવે, ને હું પરદ્રવ્યની પર્યાયને કરું–આવી સ્વ–પરની એકતાબુદ્ધિરૂપ જે અજ્ઞાન છે તે જ રાગ–દ્વેષનું મૂળ છે. તત્ત્વદ્રષ્ટિ વડે સ્વ–પરની

ભિન્નતા અનુભવતાં રાગ–દ્વેષ મટે છે. દરેક દ્રવ્ય ભિન્નભિન્નપણે, પોતપોતાના સ્વરૂપે, અખંડ ધારારૂપ પોતાના પરિણામમાં જ વર્તે છે. –ને એ જ રીતે વસ્તુ સધાય છે.

સ્વ–પરની ભિન્નતા જાણીને અંદરમાં જા તો સુખ અનુભવાય. પણ જેણે સ્વ–પરની ભિન્નતા જાણી નથી, પોતાની ભૂલ છે તેનું ભાન નથી, તે ભૂલ ટાળીને અંતર્મુખ કઇ રીતે થશે? જીવદ્રવ્ય પોતાના અપરાધથી રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેમાં પુદ્ગલકર્મનો તો કાંઈ દોષ નથી; જો જીવદ્રવ્ય પોતે શુદ્ધ ચેતનારૂપ પરિણમે ને રાગ–દ્વેષ–મોહરૂપ ન પરિણમે તો પુદ્ગલ તેને શું કરે? પુદ્ગલ કાંઈ જીવને પરાણે રાગાદિ કરાવતું નથી. આવી ભિન્ન વસ્તુ સ્થિત જાણતાં અજ્ઞાન અસ્ત થાય છે ને ભેદજ્ઞાન ઉદય થાય છે. માટે આચાર્યદેવ કહે છે કે વિદિત થાવ...જાહેર થાવ...જગતમાં પ્રસિદ્ધ થાવ કે જીવદ્રવ્ય પોતે સ્વતંત્રપણે જ અશુદ્ધતારૂપે કે શુદ્ધતારૂપે પરિણમે છે, તેમાં પુદ્ગલદ્રવ્યનું થોડુંક પણ કર્તવ્ય નથી.

ભાઈ, તું ઓળખાણ કર કે હું તો બોધસ્વરૂપ છું; જ્ઞાનસ્વરૂપ જ હું છું –એમ શુદ્ધપણે પોતાને અનુભવતાં રાગાદિ અશુદ્ધતારૂપ પરિણમન થતું નથી, રાગ રહિત શુદ્ધતારૂપ પરિણમન થાય છે. આ રીતે શુદ્ધચૈતન્યનો અનુભવ તે જ રાગ–દ્વેષના ક્ષયનો ઉપાય છે. અનંતા જીવો આવા અનુભવવડે રાગ–દ્વેષનો ક્ષય કરીને સિદ્ધપદને પામ્યા છે.

રાગ–દ્વેષ તે જીવનો પોતાનો અપરાધ છે, –એટલું જ બતાવીને અટકી જવું નથી પણ આગળ લઈ જઈને એ બતાવવું છે કે જે રાગાદિ દોષ છે તે જીવનું ખરૂં સ્વરૂપ નથી, જીવનું શુદ્ધ સ્વરૂપ તો જ્ઞાન–આનંદમય છે. આવા શુદ્ધસ્વરૂપના અનુભવ વડે શુદ્ધપરિણતિ પ્રગટે ને રાગ–દ્વેષરૂપ અશુદ્ધપરિણતિ મટે–તે પ્રયોજન છે.

શુદ્ધસ્વરૂપના અનુભવવડે જ રાગ–દ્વેષ–અજ્ઞાનનો નાશ થાય છે. માટે હે ભવ્ય જીવો! તમે એવો અનુભવ કરો.

## ''જ્ઞાનની લીલીવાડીમાં આત્મા આનંદની રમત રમે છે.''

–ગુરુદેવના આ એક વાકયમાં સ્વાનુભૂતિના ગંભીર ભાવો ભર્યા છે; જ્યારે કોઈક ધન્ય પળે સ્વાનુભવની આનંદકારી ચર્ચા થાય ત્યારે પ્રમોદથી ગુરુદેવ ઉપરનું વાકય યાદ કરે છે...ને એની સાથે સંકળાયેલી ત્રીસેક વર્ષ પહેલાંની 'આત્મચર્ચા' ઓ ઘણા મહિમાપૂર્વક તાજી થાય છે.

# શુદ્ધ પરિણમનનો અવસર

( સમયસાર-કલશ ૨૨૧-૨૨ નાં પ્રવચનોમાંથી )

હે જીવ! સન્તો અનુગ્રહ કરીને જ્યારે તને શુદ્ધઆત્મસ્વરૂપ દેખાડી રહ્યા છે ત્યારે તું સમજ કે શુદ્ધાત્માનો અનુભવ કરીને શુદ્ધ પરિણમવાનો આ અવસર આવ્યો છે. આ અવસરમાં પરદ્રવ્યનો વાંક કાઢીને અટકીશ મા; તારા દોષને તારી પર્યાયનો જ અપરાધ સમજીને, શુદ્ધાત્માના પ્રેમના જોરે તે દોષને મૂળમાંથી ઉખેડી નાંખજે, શુદ્ધતાના આ અવસરને ચૂકીશ મા!

આત્માના સહજ સ્વભાવ શુદ્ધ જ્ઞાન–આનંદરૂપ છે, તેમાં રાગાદિ અશુદ્ધતા નથી. પર્યાયમાં જે મોહ–રાગ–દ્વેષરૂપ અશુદ્ધતા છે, તે શુદ્ધસ્વભાવથી વિરુદ્ધ છે એટલે શત્રુ છે. તે મોહશત્રુની સેનાને શુદ્ધસ્વરૂપના અનુભવવડે જીતી શકાય છે. પરંતુ જે જીવો પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ દ્રવ્યને અનુભવતા નથી ને પરદ્રવ્ય સાથે ભેળસેળવાળો જ પોતાને અનુભવે છે, તે જીવો અશુદ્ધ અનુભવવડે મોહશત્રુની સેનાને જીતી શકતા નથી, સ્વરૂપથી ભ્રષ્ટ એવા તે મિથ્યાદ્રષ્ટિ જીવો મોહને જ વશ વર્તતા થકા રાગ–દ્વેષને કરે છે. તે રાગ–દ્વેષ કરવામાં કાંઈ પરદ્રવ્યનો તો જરાય દોષ નથી, જીવનો પોતાનો જ દોષ છે. છતાં પરનિમિત્તનો દોષ દેખે છે તે જીવ તે રાગ–દ્વેષને કેમ મટાડી શકશે? પરદ્રવ્યથી રાગ–દ્વેષ થવાનું જેણે માન્યું, તો જગતમાં પરદ્રવ્યો તો અનંત છે ને સદાય છે એટલે, તેના અભિપ્રાયમાં સદાય અનંત રાગ–દ્વેષ થવાનું આવ્યું; પરદ્રવ્યની વિદ્યમાનતામાં શુદ્ધ પરિણમવાનો અવસર જ તેને ક્યાં રહ્યો?

તેને સમજાવે છે કે ભાઈ, પરદ્રવ્ય તો તને કદી જરાપણ રાગ–દ્વેષ ઉપજાવતું નથી. રાગ–દ્વેષ તે તારી પર્યાયનો જ અપરાધ છે; તે ઉપરાંત એનાથી આગળ એ વિચાર છે કે તે રાગ–દ્વેષરૂપ પર્યાય અશુદ્ધ છે ને તારું સહજ સ્વરૂપ શુદ્ધ છે; તે

શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં રાગાદિ અશુદ્ધ પરિણતિ છૂટી જાય છે, ને શુદ્ધસ્વરૂપ જેવું છે તેવું પ્રગટે છે. અશુદ્ધતામાં કે શુદ્ધતામાં પરદ્રવ્યનો તો કાંઈ સહારો નથી, જીવ પોતે જ અશુદ્ધ કે શુદ્ધ પર્યાયરૂપે પરિણમે છે.

પરદ્રવ્ય જ મને રાગ–દ્વેષ કરાવે છે–એવી દુર્બુદ્ધિ કરે તેને રાગ–દ્વેષ–અશુદ્ધતા કયારે મટે? કદી ન મટે કેમકે પરથી ભિન્ન એવી સ્વવસ્તુનો બોધ તેને નથી, તેની બુદ્ધિ આંધળી થઈ ગઈ છે તેથી પોતાના દોષને તે દેખી શકતો નથી; દોષને નથી દેખતો તેમ દોષરહિત શુદ્ધસ્વરૂપને પણ તે દેખતો નથી. તેથી સમ્યકત્વરહિત તે જીવ અપરાધી છે, જિન–આજ્ઞાને તે માનતો નથી. જિનઆજ્ઞા તો એવી છે કે જીવ અને પુદ્ગલ બંનેનું સ્વતંત્ર ભિન્ન ભિન્ન પરિણમન છે; રાગાદિ અશુદ્ધતા તે જીવનો પોતાનો અપરાધ છે; તેને બદલે પરનો દોષ કાઢવો તે અન્યાય છે, અનીતિ છે; તે અપરાધી જીવ સંસારમાં ભમે છે.

ભાઈ, તારા દોષે જ તને બંધન છે; અને તારી શુદ્ધતાએ જ તને મુક્તિ છે, બંધન અને મુક્તિ બંને અવસ્થામાં તારું જ કર્તૃત્વ છે, તારી અવસ્થામાં બીજાનું કર્તૃત્વ જરાપણ નથી. –આવી સ્પષ્ટ વસ્તુસ્થિતિ જૈનશાસનમાં પ્રસિદ્ધ છે. તેને જે નથી જાણતો તે મિથ્યાદ્રષ્ટિ છે, તેને શુદ્ધતાનો અવસર આવતો નથી.

જીવને શુદ્ધ પરિણમનનો અવસર કયારે? કે પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવે ત્યારે. જીવ જ્યારે પરથી ભિન્ન પોતાના સહજ સ્વરૂપને અનુભવે છે ત્યારે તેને શુદ્ધતારૂપ પરિણમન થાય છે. જ્યાં સુધી પર સાથે એકતાબુદ્ધિ કરે છે ત્યાંસુધી તેને શુદ્ધ પરિણમનનો અવસર નથી. પર સાથે એકતાબુદ્ધિ કરનાર અશુદ્ધરૂપે જ પરિણમે છે. જગતમાં ઘણા જીવોનો ઢગલો તો અજ્ઞાનથી અશુદ્ધતારૂપે જ પરિણમી રહ્યો છે; કોઈ વિરલા જીવો જ ભેદજ્ઞાન કરીને શુદ્ધતારૂપે પરિણમે છે.

જીવનો સ્વભાવ તો શુદ્ધ છે, તો તે અશુદ્ધતારૂપ કેમ પરિણમે ? –માટે પરદ્રવ્ય જ તેને અશુદ્ધતા કરાવે છે! –એમ અજ્ઞાની દલીલ કરે છે.

તેને કહે છે કે–ભાઈ! જીવની અવસ્થામાં અશુદ્ધતારૂપ પરિણમવાની પણ શક્તિ છે. દ્રવ્યસ્વભાવમાં ભલે અશુદ્ધતા નથી પણ પર્યાયમાં તો શુદ્ધતા કે અશુદ્ધતારૂપ પરિણમન થવાની યોગ્યતા છે, તે કાંઈ પરને લીધે નથી, પોતાની પર્યાયની જ તેવી તાકાત છે. પરદ્રવ્ય તેમાં કાંઈ જ કરતું નથી. જીવ પોતે પોતાની પર્યાયની તાકાતથી અશુદ્ધ થાય છે, ને પોતે જ પોતાની પર્યાયની તાકાતથી શુદ્ધ થાય છે. જો પરદ્રવ્યનું અસ્તિત્વ જ તેને અશુદ્ધતાનું કારણ હોય તો તો અશુદ્ધતા થયા જ કરે; અશુદ્ધતાથી છૂટીને શુદ્ધતારૂપે પોતે પરિણમી જ ન શકે ! –પણ એમ નથી. અનંત જીવો શુદ્ધસ્વરૂપના અનુભવવડે અશુદ્ધતા મટાડીને સિદ્ધપદ પામ્યા છે.

જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાન તો રાગ–દ્વેષને જરાપણ ઉપજાવતું નથી. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે, એટલે જાણવું તે કાંઈ રાગ–દ્વેષનું કારણ નથી. જ્ઞાન જ જો રાગદ્વેષનું કારણ થાય તો તો કેવળજ્ઞાન થતાં અનંતા રાગ–દ્વેષ વધી જાય, રાગ કદી મટે જ નહિ. પણ જ્ઞાનની વૃદ્ધિ થતાં તો રાગ–દ્વેષ મટે છે. જ્ઞાનમાં રાગ–દ્વેષનો અભાવ જ છે. રાગ–દ્વેષને છોડવા માટે કાંઈ જ્ઞાનને છોડી દેવું પડતું નથી. રાગ–દ્વેષ છૂટી જાય છે ને જ્ઞાન એકલું શુદ્ધસ્વરૂપે રહી જાય છે. આવું જ્ઞાનસ્વરૂપ જેને અનુભવમાં આવતું નથી તે જીવ મિથ્યાદ્રષ્ટિપણે રાગ–દ્વેષ કરે છે.

જ્ઞાન તો દીપક જેવું છે; જેમ દીપકના પ્રકાશમાં દેખાતા પદાર્થો કાંઈ દીપકના પ્રકાશને મલિન કરતા નથી, દીપક તો પ્રકાશસ્વરૂપ જ છે; તેમ ચૈતન્યદીપકના પ્રકાશમાં પરદ્રવ્યો કે શુભાશુભ ભાવો દેખાય તે કાંઈ ચૈતન્યદીવાના પ્રકાશને મલિન કરતા નથી, ચૈતન્યદીવો તો પ્રકાશસ્વરૂપ જ છે. જ્ઞાન તો સહજ ઉદાસીનસ્વરૂપ છે; રાગને જાણતાં તે રાગી થતું નથી, જડને જાણતાં તે જડ થતું નથી; તે તો પોતાના સ્વરૂપમાં અચલ રહે છે, –જ્ઞાનચેતનારૂપ જ રહે છે. ધર્મીને આવી જ્ઞાનચેતનાની અનુભૂતિ છે. તેનાવડે તે મોક્ષને સાધે છે.

અજ્ઞાની રાગને જાણતાં, જાણે કે પોતે જ રાગરૂપ થઈ ગયો, પરને જાણતાં પરરૂપ થઈ ગયો–એમ અજ્ઞાનચેતનાને અનુભવે છે. અચંબો છે કે બધાને જાણનારો પોતે પોતાને જ નથી જાણતો. હું નથી ને આ છે, જ્ઞાન નથી ને જ્ઞેય છે, –આમ પોતાના ભિન્ન અસ્તિત્વનું અભાન તે મોટી ભૂલ છે ને તે જ સંસારનું–અશુદ્ધતાનું મૂળકારણ છે. આત્મા તો જાણનાર પ્રકાશસ્વરૂપ છે, તેના અસ્તિત્વમાં જ જ્ઞેયોનું જ્ઞાન થાય છે. જાણનારના અસ્તિત્વ વગર પદાર્થોને કોણ જાણે? આવું વસ્તુનું સ્વરૂપ જાણીને જ્ઞાનમાં મગ્ન થતાં શુદ્ધપરિણમન થાય છે; જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે, –તેનું નામ જ્ઞાનચેતના છે, તે આત્મિકરસથી ભરેલી છે. ધર્માત્મા આવી શુદ્ધચેતનાના સ્વાદવડે–અનુભવવડે મોક્ષને સાધે છે.

જગતના કોઈ પદાર્થો ઊંચા–નીચા આઘાપાછા થાય તેમાં સૂર્યને શું? તેમ જગતના જ્ઞેયપદાર્થો પોતપોતાના ભાવમાં પરિણમ્યા કરે તેમાં જ્ઞાનસૂર્યને શું? વીંછી કે સર્પ તે શરીરથી દૂર હો કે નજીક હો, તેમાં જ્ઞાનને શું? જ્ઞાન તો નિર્ભયપણે પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ રહેવાના સ્વભાવવાળું છે. આહા, આવું સહજ વીતરાગી જ્ઞાન, તે આત્માનું સ્વરૂપ છે; આવા જ્ઞાનનો અનુભવ તે વીરનો સુંદર માર્ગ છે. વીતરાગના આવા સુંદર માર્ગને વીતરાગી સંતોએ પ્રસિદ્ધ કર્યો છે.

''શુદ્ધજ્ઞાનમાત્ર જીવદ્રવ્ય''ના અનુભવમાં બધા શાસ્ત્રોનો સાર સમાઈ જાય છે. કુંદકુંદસ્વામી કહે છે કે સર્વજ્ઞદેવથી માંડીને અમારા ગુરુપર્યંત–કે જેઓ

શુદ્ધાત્મામાં લીન હતા તે સર્વે ગુરુઓએ અનુગ્રહ કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો, તે જ શુદ્ધાત્મા હું સ્વાનુભવરૂપ નિજવૈભવ સહિત દેખાડું છું. અહા, 'આવો શુદ્ધઆત્મા હું છું' એમ જાણીને, અનુભવીને તું ખુશી થા, આનંદિત થા. શુદ્ધાત્માના અનુભવનો આ અવસર આવ્યો છે –એમ સમજીને પ્રસન્ન થા.

શુદ્ધસ્વરૂપને ચૂકીને જીવે પોતે અશુદ્ધતા ઊભી કરી છે. અરે જીવ! જો પરદ્રવ્ય જ બળાત્કારપૂર્વક અશુદ્ધતા કરાવતું હોય તો તે અશુદ્ધતાથી છૂટવાનો અવસર કયારે ? –કેમકે પરદ્રવ્ય તો જગતમાં સદાય છે, જો તે વિકાર કરાવતું હોય તો તો સર્વકાળ તે વિકાર કરાવ્યા જ કરે, ને જીવને વિકારથી છૂટવાનો અવસર જ કોઈ ન રહે. માટે તારું શુદ્ધ કે અશુદ્ધપરિણમન તારાથી જ છે એમ તું જાણ, તો શુદ્ધદ્રવ્યના આશ્રયે શુદ્ધતા પ્રગટ કરીને અશુદ્ધતાને ટાળવાનો અવસર તને આવશે.

તું તારી સ્વતંત્રતા જાણ કે હું બહાર પર તરફ વળ્યો તેથી મને અશુદ્ધતા થઈ; ને હું, અંતરમાં સ્વ તરફ વળું તો મને શુદ્ધતા થાય. મારી અશુદ્ધતામાં કે શુદ્ધતામાં પરદ્રવ્યનો જરાપણ હાથ નથી. –આવી સ્વતંત્રતા જાણતાં સ્વસન્મુખ થઈને શુદ્ધતાનો અવસર આવે છે.

પણ જે જીવ પોતાની સ્વવસ્તુને જાણતો નથી, પોતાના પરિણમનને જાણતો નથી, જેનું જ્ઞાન ઊંધું છે, જેનાં સમ્યકત્વચક્ષુ બિડાઈ ગયાં છે–એવો જીવ મોહશત્રુની સેનાને જીતી શકતો નથી, એટલે કે શુદ્ધતારૂપ પોતે પરિણમતો નથી. તેનો અપરાધ શું? કે કર્મ વગેરે પરદ્રવ્ય મને વિકાર કરાવે છે એમ તે માને છે, તે તેનો મોટો અપરાધ છે.

પરને કારણે વિકાર થવાનું માનનાર જીવને અપરાધી કહ્યો; તે અપરાધનું ફળ શું ? –કે અનંત સંસારરૂપી જેલ, માટે કહ્યું કે પરદ્રવ્ય જીવને વિકાર કરાવે છે એમ માનનાર જીવરાશી મિથ્યાદ્રષ્ટિ અનંતસંસારી છે, સંસાર–સમુદ્રને તે પાર કરી શકતો નથી, અશુદ્ધતાથી છૂટી શકતો નથી. સ્વાધીન પરિણમનને તે માનતો જ નથી પછી તેની અશુદ્ધતા કયાંથી ટળે ?

મિથ્યાભાવથી રાગ–દ્વેષના કર્તાપણે જીવ પોતે જ પરિણમે છે; ને સમ્યકત્વભાવ થતાં મોક્ષમાર્ગપણે પણ પોતે જ પરિણમે છે. છએ દ્રવ્યો પોતપોતાના ભાવમાં સ્વતંત્રપણે જ વર્તી રહ્યા છે, કોઈ દ્રવ્ય બીજાના પરિણમનમાં દખલ નથી કરતું. ભાઈ, અશુદ્ધતારૂપ તારી ભૂલ તેં કરી છે; પરદ્રવ્યમાં એવી કોઈ શક્તિ નથી કે તારામાં દોષ કરે; ને તારુંય એવું સ્વરૂપ નથી કે પરથી તારામાં દોષ થઈ જાય. અરે, તારા

અજ્ઞાનથી આ અનંત સંસારના દુઃખમાં ટળવળી રહ્યો છો, તો અમે તને તેનાથી છૂટવાનો ઉપાય બતાવીએ છીએ–તે લક્ષમાં લે. મારી અવસ્થામાં અશુદ્ધતા મેં મારી જ ભૂલથી કરેલી છે; તે ભૂલ ક્ષણિક છે, ને મારો શુદ્ધસ્વભાવ ત્રિકાળ છે, એમ શુદ્ધસ્વભાવને લક્ષમાં લેતાં પર્યાયની ક્ષણિક ભૂલ ટળી જાય છે ને સ્વભાવના આશ્રયે શુદ્ધતા પ્રગટે છે.

જો પોતાની ભૂલ હોય જ નહિ તો તે ટાળવાનું કયાં રહ્યું? તારી ભૂલ છે તેથી તો ભૂલ ટાળવા માટે તને ઉપદેશ દીધો છે. તારા દોષે તને બંધન છે એ સંતની પહેલી શિખામણ છે. દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતે પોતાને ભૂલી જવું.

ભૂલ પોતાની હોય જનહિ તો ટાળવાનું રહેતું નથી.
ભૂલ પોતાનું સ્વરૂપ જ હોય તો ટાળવાનું રહેતું નથી.
પર્યાયમાં ભૂલ પોતાની છે પણ તે કાયમી સ્વરૂપ નથી.
તેથી કાયમી શુદ્ધસ્વરૂપના લક્ષે પર્યાયની ભૂલ ટળી જાય છે.

અજ્ઞાની પોતાના શુદ્ધસ્વભાવનો તો અજાણ છે, ને પર્યાયમાં જે પોતાના અપરાધથી અશુદ્ધતા છે તેનો પણ અજાણ છે. નથી જાણતો દ્રવ્યને, નથી જાણતો પર્યાયને; કર્મ વગેરેનો સંયોગ જ મને અશુદ્ધતા કરાવે, ને દેવ–ગુરુ વગેરેનો સંયોગ જ મને શુદ્ધતા કરાવે–એમ માને છે, એટલે પોતે તો જાણે ધોયેલ મૂળા જેવો રહ્યો, કાંઈ શુદ્ધતાનો ઉદ્યમ કરવાનું રહ્યું નહીં! – વાહ તારી ઊંધાઈ!

પરદ્રવ્ય તો તારાથી જાુદું એના ભાવમાં પરિણમી રહ્યું છે, તે આ જીવને જરાપણ વિકાર નથી કરાવતું. છતાં અજ્ઞાની તેના ઉપર જૂઠો આરોપ નાંખે છે કે મારામાં અશુદ્ધતા તેં કરાવી.

–'પણ ભાઈ! હું (પરદ્રવ્ય) તો તારામાં આવ્યું જ નથી તો મેં તારામાં કઈ રીતે અશુદ્ધતા કરાવી?' શાસ્ત્રભણતરમાંથી જે સ્વાશ્રયનો આશય કાઢવો જોઈએ તે અજ્ઞાનીને આવડતું નથી, તે પોતાની ઊંધી દ્રષ્ટિને લીધે શાસ્ત્રના આશય પણ ઊંધા જ સમજે છે, ને પરાશ્રયભાવને પોષે છે. પરથી જે નુકશાન માને તે પરથી લાભ પણ માને; ને જે પરથી લાભ માને તે સ્વસન્મુખ આવે નહિ એટલે તેને સમ્યગ્દર્શનાદિનો લાભ કદી થાય નહિ. પોતાની એક સમયની પર્યાયમાં શુદ્ધતા કે અશુદ્ધતા કરવાની સ્વતંત્ર તાકાત છે તેને પણ જે નથી જાણતો, તે ત્રિકાળી સ્વભાવની શુદ્ધતાના અપાર સામર્થ્યને કયાંથી જાણશે?

ભાઈ, 'મારા દોષ મેં કર્યા છે' એમ સમજ તો તને તારા દોષ ટાળવાની ખટક રહેશે. '' હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ–'' એમ સમજીને મુમુક્ષુ જીવ

યથાર્થ ઉપાય વડે તે દોષ ટાળવા પ્રયત્ન કરે છે. પણ દોષ પરદ્રવ્યે કરાવ્યો છે–એમ માનીશ તો તને તે ટાળવાની દરકાર ક્યાંથી રહેશે? જો પરદ્રવ્ય તને દોષ કરાવશે –તો તારામાં પોતાનો કાંઈ પુરુષાર્થ છે કે નહિ? પરદ્રવ્યને આધીન થયા વગર સ્વાધીનપણે શુદ્ધતારૂપ પરિણમવાની તારામાં કાંઈ તાકાત છે કે નહિ? વિકારથી બચવાનો ને સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ પ્રગટ કરવાનો સ્વસન્મુખ પુરુષાર્થ તું કર, ત્યારે જ તારામાં શુદ્ધતા થશે ને દોષ મટશે. ઊંધાઈ કે સવળાઈ, અશુદ્ધતા કે શુદ્ધતા એ બંને મારા જ પુરુષાર્થનું કામ છે એમ જે સમજે તે સ્વપુરુષાર્થદ્વારા અશુદ્ધતા ટાળીને શુદ્ધતા કરશે પણ પોતાના પુરુષાર્થને જ જે નહિ સ્વીકારે તેને અશુદ્ધતા ટાળીને શુદ્ધતાનો અવસર ક્યાંથી આવશે?

❁ **અશુદ્ધતા કેમ થઈ ? –પોતે શુદ્ધઆત્માનો અનુભવ ન કર્યો તેથી અશુદ્ધતા થઈ.**

❁ **શુદ્ધતા કેમ થાય ? –પોતે શુદ્ધઆત્માનો અનુભવ કરે તો શુદ્ધતા થાય.**

❁ **જે શુદ્ધ જાણે આત્માને તે શુદ્ધઆત્મ જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્માને અણશુદ્ધ આત્મ જ તે લહે.**

અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગના ઢગલા આત્માને ડગાવી શકતા નથી; અનુકૂળતાના ઢગલા આત્માને શુદ્ધતામાં કાંઈ મદદ કરે કે રાગ કરાવે એમ નથી; તેમ જ પ્રતિકૂળતાના ઢગલા આત્માને શુદ્ધતાથી ડગાવી દ્યે કે અશુદ્ધતા અથવા દ્વેષ કરાવે એમ નથી. અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ વચ્ચે પણ આત્મા નિજસ્વરૂપમાં લીન થઈને કેવળજ્ઞાની–પરમાત્મા બની શકે છે...એવો તે સ્વતંત્ર પરમેશ્વર છે.

શ્રોતા કહે છે– 'અત્યાર સુધી અમને આવું સમજાવનારા કોઈ ન મળ્યા!'

હે જીવ ! જો તારી સમજવાની તૈયારી હોય તો જગતમાં સર્વજ્ઞો ને સન્તો હાજર જ છે. તૈયારીવાળા પાત્ર જીવને જ્ઞાની–ધર્માત્માનો યોગ મળી જ જાય છે (–ભોગભૂમિમાં ઋષભદેવના જીવને મુનિરાજનો પ્રસંગ મળી ગયો તેમ.) જ્ઞાનીની ઉપાસના ન કરી માટે રખડયો એનો અર્થ એમ છે કે જ્ઞાનીએ જેવું આત્મસ્વરૂપ સમજાવ્યું તેવું પોતે અનુભવમાં ન લીધું તેથી રખડયો, એટલે કે પોતે પાત્રતા ન કરી માટે રખડયો, પોતાની પાત્રતા વગર જ્ઞાનીની પણ સાચી ઓળખાણ થતી નથી. જ્ઞાનીનો યોગ તો ઘણાને મળ્યો, પરંતુ જીવની પોતાની પાત્રતા વગર જ્ઞાની પણ એને શું કરે? માટે આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! તારા ભાવમાં તું તારી સ્વતંત્રતા જાણ, ને સ્વભાવ તરફનો સમ્યક્ પ્રયત્ન ઉપાડ તો તારી અશુદ્ધતા ટળે ને શુદ્ધતા થાય. એવી શુદ્ધપરિણતિનો આ અવસર છે. —जयजिनेन्द्र

# અવલોકન

વૈશાખ માસની ઈનામીયોજનામાં કોણે લખ્યું ને શું લખ્યું–તેના અવલોકનનો બાકીનો ભાગ અહીં આપીએ છીએ.

(ગતાંકથી ચાલુ)

ગોંડલના અરવિંદ જે. જૈન (નં.૨૪૬) તથા મોરબીના ભરતકુમાર એચ.જૈન (નં.૪૦) તેમણે ધાર્મિક કક્કો મોકલ્યો હતો. તેઓ બાલવિભાગમાં નિયમિત ભાગ લેનાર ઉત્સાહી સભ્યો છે.

લાઠીના સભ્ય નં.૨૧ ભૂપતકુમાર સી. જૈને ''બાલવિભાગથી અમને લાભ'' એ વિષે લખ્યું છે; તેમજ જન્મજયંતિ સંબંધમાં લખ્યું છે કે– ''ગુરુદેવની જન્મજયંતીના મહોત્સવ અનેક ભવ્ય આત્માઓને માટે પાવનકારી અવસર છે. તેમના જીવનનો ઝુકાવ પહેલેથી જ આત્મશોધ તરફ છે. આત્માર્થ માટેનો પુરુષાર્થ એ એમનો જીવનમંત્ર છે. આ જીવન છે તે આત્માર્થ સાધવા માટે જ છે–એમ ગુરુદેવ સમજાવે છે. આવા ગુરુદેવ આપણા જેવા બાળકોને માટે હીરા સમાન છે. હિન્દુસ્તાનના આ હીરલાને ભારતના બાળકો શ્રદ્ધાપૂર્વક અભિનંદે છે.'' (અભિનંદનગ્રંથમાં જોઈ જોઈને તેમણે આ લખ્યું છે. ભલે, જોઇને લખવા માટે પણ તેમણે એ પુસ્તક વાંચ્યું તો ખરૂંને ?)

જોરાવરનગરથી વસંતલાલ રતિલાલ જૈન (નં.૧૯૭૫) તેમણે એકથી સો સુધી આંક મોકલ્યા છે–પણ વચ્ચે ઘણા આંકડા ભૂલી ગયા છે.

કનકબાળા રતિલાલ (નં.૧૫૭૪) તેમણે ધાર્મિક કક્કો તથા ''બાલવિભાગથી અમને લાભ'' એ વિષે સુંદર નિબંધ પણ લખેલ છે.

નયનાબેન હીરાલાલ જૈન (સ.નં. ૧૫૯૩) મુંબઈ–તેમણે ધાર્મિક કક્કો મોકલ્યો છે; કક્કો સુંદર ભાવવાહી છે. ઉત્તમકોટિના ૧૫ લેખોમાં તેમને સ્થાન મળેલ છે.

માળીયાના સતીશકુમાર તથા ઉપેન્દ્રકુમાર (નં.૭૩૩, ૭૩૫) તેમણે એકથી દશના અંકદ્વારા સુંદર ભાવના ભાવી છે, તથા ધર્મનો કક્કો પણ મોકલ્યો છે. એકથી દશના આંકમાં તેઓ લખે છે કે–

(૧) જૈનધર્મની લ્યો ટેક<br>
(૨) જ્ઞાનની ઉગાડો બીજ,<br>
(૩) રત્નત્રયને ભાવો ઝટ.<br>
(૪) અનંતચતુષ્ટય ધાર.<br>
(૫) પંચમગતિ પ્રાપ્ત કર.<br>
(૬) છ લેશ્યાથી દૂર થા.<br>
(૭) સાત તત્ત્વને સમજ.<br>
(૮) આઠ કર્મનો કર નાશ.<br>
(૯) નવ દેવને ભજ.<br>
(૧૦) દશધર્મને આરાધ.

આ રીતે આંકડાના મેળ સાથે ભાવનાનો સારો મેળ કર્યો છે.

જામનગરથી હસમુખ જૈને (નં.૬૬૫) ચાર ગીત ઉતારીને લખી મોકલ્યા છે.

જ્યોતિબેન બાબુભાઈ જૈન (નં.૧૭૯૦) સોનગઢઃ તેમણે જોડકા શોધવાના પ્રશ્નો, તથા ભાંગ્યાતૂટયા ધાર્મિક આંક તથા કક્કો મોકલ્યો છે. ખાલી ખાનામાં શબ્દો ગોઠવવાના કોયડા તેમની શૈલીના આધારે તૈયાર કરીને કોઈવાર આપીશું....જે દરેકને ગમશે.

જુનાગઢથી કુસુમબેન, મુકેશકુમાર તથા કિરણબાળા (સ.નં.૨૦૪૦, ૨૦૩૯, ૨૦૩૮) તે ત્રણેએ ધાર્મિક કક્કો લખી મોકલ્યો છે.

વડીયાથી ઉષાબેન કે. જૈને (નં. ૧૬૧૧) પણ ધાર્મિક કક્કો લખી મોકલ્યો છે.

પ્રાંતિજથી કનુભાઇ એમ. જૈન બી.એ. (સ.નં.૧૮૮૬) તેમણે અગાઉ ચિત્રકથા (કાર્ટૂનરૂપે) લખી મોકલેલ. કાર્ટૂન દ્વારા તેમની રજુઆત સારી છે, તેમણે ગોઠવેલી કથા નીચે મુજબ છે–

એક માણસ ગુરુ પાસે જઈને કહે છેઃ હે ગુરુદેવ! મને ધર્મ આપોને !

ગુરુ કહે છે –હમણાં જ મેં એક મગરને ધર્મ આપ્યો છે, તું તેની પાસેજા.

મગર પાસે જઇને તે માણસ કહે છે – હે મગર! મને ધર્મ આપ.

મગર કહે છે –પ્રથમ મને એક લોટો પાણી પા, પછી તને ધર્મ આપું.

માણસ કહે છે –અરે, તું પાણીમાં જ રહે છે ને મારી પાસે પાણીની માંગણી કરે છે. –કેવી મૂર્ખાઈ ?

મગર કહે છે –હે માનવ! હુ ંનહિ પણ તું મૂર્ખ છે; કેમકે ધર્મ તારા આત્મામાં છે ને તું બહાર ગોતે છે!

માણસ વિચારમાં પડી ગયોઃ અરે, હવે સમજાયું કે ધર્મ બહારથી નથી મળતો, ધર્મ તો નિજાત્મામાં જ છે.

હવે ભેદજ્ઞાનનું પ્રભાત ઊગ્યું.. ..સમ્યકત્વનો સોનેરી સૂરજ ઊગ્યો...અને મોક્ષપ્રાપ્તિનો માર્ગ ખૂલ્લો થયો.

(ભાઇશ્રી કનુભાઈ! તમારી ચિત્રકથા અહીં આપી છે. કાર્ટૂનના ચિત્રો સરખા વ્યવસ્થિત હોય તો છાપવામાં કામ આવી શકે. ફરી પ્રયત્ન કરશો. તમારા કાર્ટૂનચિત્રોને આવકારીશું. ચિત્રમાં કાળી શાહી વાપરશો.)

વાસંતીબેન એચ. જૈન (સોનગઢ) તેમણે ધાર્મિક કક્કો વગેરે લખી આપેલ છે. બાલવિભાગના વિકાસ માટે તેઓ ખાસ ભાવનાશીલ છે. (તેમણે પૂ. બેનશ્રી ચંપાબેનની ૫૫ મી જન્મજયંતી નિમિત્તે ૫૫ પુષ્પોની પુષ્પમાળા લખી મોકલી છે–પણ સ્થળસંકોચને હિસાબે છાપી શકાઈ નથી.)

રાંચીથી જયશ્રીબેન જૈને (નં.૨૦૩) કુંદકુંદપ્રભુના વિદેહગમનનું, ને ત્યાં સીમંધર પ્રભુની સભામાં ઉપસ્થિત રાજકુમાર વગેરે જીવોનું સુંદર ભાવવાહી ચિત્ર કરીને મોકલ્યું છે. જો કે તેમનું ચિત્ર સૌથી છેલ્લું મળ્યું– છતાં ઉત્તમ કક્ષાના ૧૫ લેખોમાં તે પોતાનું સ્થાન મેળવી જાય છે.

રોમેશકુમાર બાબુલાલ જૈન (નં.૨૧૮) અમદાવાદ : આપણા આ ઉત્સાહી

કોલેજીયન સભ્યને મોડા મોડા સૌથી છેલ્લે પણ લખવાનું મન થયું...સોનગઢ આવ્યા ને બાલવિભાગના બીજા સભ્યોનું લખાણ જોઈને પોતાની લાગણી તેઓ રોકી શક્યા નહિ, એટલે જવાની ઉતાવળમાંય બાલવિભાગની ઓફિસમાં બેઠા બેઠા જ થોડુંક લખાણ લખીને આપી દીધું તેમાં બાલ વિભાગ પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરતાં લખે છે કે– ''બાલવિભાગ શરૂ થવાથી ધર્મપ્રત્યે અમને બમણો ઉત્સાહ થઈ ગયો. હંમેશા જિનેન્દ્રદેવના દર્શન કરવા અને રાત્રિભોજન ન કરવું–એ બે વસ્તુનું પાલન બાલવિભાગની કલમને લીધે થયું. અને હવે 'સિનેમા જોવાનું બંધ' પણ તેને લીધે જ થશે ! આવી આવી કલમો વધારીને અમને પ્રેરણા આપતા જાઓ કે જેથી અમારું જીવન સાચા મુમુક્ષુનું જીવન બને. અમે બધા બાલવિભાગના સભ્યો બાલવિભાગને પોતાનો જ સમજીને તેના સર્વાંગી વિકાસની ભાવના રાખી રહ્યા છીએ, કારણ કે તેનો વિકાસ એ અમારો જ વિકાસ છે.''

-जय जिनेन्द्र

## આત્માને શોધવાની રીત

અભેદભાવે આત્મા સધાય છે.

આત્મામાં અનંતશક્તિઓ છે, તે બધી અભેદમાં સમાઈ જાય છે. એકલા ભેદ પાડીને ભેદના વિકલ્પવડે શોધવા જાય તો આત્મવસ્તુ જડતી નથી. ભેદના વિકલ્પમાં અટકતાં જીવનો અનુભવ ખોવાઈ જાય છે. ખંડખંડ એકેક શક્તિના વિકલ્પવડે અનંતકાળે પણ આત્મા ન સધાય; અખંડપણે અનુભવતાં તત્ક્ષણ સધાય. માટે ધર્મી જીવો આત્માને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના ભેદરૂપે નથી અનુભવતા, પણ અભેદ જ્ઞાનમાત્રભાવે અનુભવે છે.

જુઓ, આ આત્માને શોધવાની રીત! ભેદરૂપ વિકલ્પ દ્વારા આત્મા નહિ જડે. અંતર્મુખ થઈને અનુભૂતિ કરતાં આત્મા સાક્ષાત્ પ્રાપ્ત થાય છે; તે અભેદના અનુભવમાં આત્માની અનંત શક્તિઓ, તેના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ બધુંય સમાઈ જાય છે. તે કોઈનો નિષેધ નથી થઈ જતો, પણ અભેદ અનુભૂતિમાં તે સમાઈ જાય છે. ત્યાં ભેદની દ્રષ્ટિ રહેતી નથી. શુદ્ધ આત્માની અનુભૂતિમાં જ્ઞાની ભેદનો વિકલ્પ કરતા નથી. આવી અનુભૂતિ વડે આત્માને શોધાય છે એટલે કે અનુભવાય છે. બીજી રીતે શોધતાં આત્મા જડે તેવો નથી.

આ અંકના મહત્ત્વના લેખ માટે દેખોજી પૃ. ૨૧ થી ૧૪

# હું અને તું

( સમયસાર કળશ ૨૩૦ )

卐 卐 卐

ધર્માત્માની શુદ્ધચેતના કેવી હોય? તેનું આ વર્ણન છે.

‘હું’-કેટલો? કે જેટલું ચૈતન્યસ્વરૂપ છે તેટલો ‘હું.’

એ સિવાય દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ તે બધા ‘તું’ માં જાય છે, તે ‘હું’ માં નથી આવતા, એટલે કે ધર્મીના અનુભવથી તે બહાર છે, પરદ્રવ્ય છે.

‘હું’ તે પરદ્રવ્યની સહાય વિના પોતાની સહાયથી પોતામાં સર્વથા ઉપાદેયબુદ્ધિથી પ્રવર્તું છું.

‘હું’ કોણ? ને ‘તું’ કોણ? એની પણ અજ્ઞાનીને ખબર નથી. ‘હું’ માં ‘તું’ ને ભેળવી દે છે, સ્વમાં પરને ભેળવી દે છે.

હું એટલે શુદ્ધચેતનારૂપ સ્વદ્રવ્ય; રાગાદિ પરભાવો તે હું નહિ, તે ‘તું’ એટલે કે પરદ્રવ્ય છે.

સ્વદ્રવ્યની સહાયથી જ હું મારા આત્માને અનુભવું છું; પરદ્રવ્યની સહાય વગર જ હું મારા આત્માને અનુભવું છું.

મારા સ્વઘરમાં જ્ઞાન-દર્શન-આનંદ ભર્યા છે, મારા સ્વઘરમાં રાગ-વિકારરૂપી કચરો નથી; આવા શુદ્ધસ્વઘરમાં રહેનાર હું છું-એમ ધર્મી અનુભવે છે.

રાગાદિ પરભાવોથી મલિન તે મારું સ્વઘર નથી, તેમાં વસનાર હું નથી, તે મારું ઉપાદેય નથી.

હું-માં તું નથી, સ્વભાવમાં પરભાવ નથી.

શરીરાદિ પરદ્રવ્યો છે કે રાગાદિ પરભાવો છે તે કોઈ ‘હું’ થઈને રહ્યા નથી, મારા સ્વઘરની વસ્તુ તે નથી, એ તો બધા મારાથી પર થઈને રહ્યાં છે.

ધર્મીને જે ‘હું’ પણે અનુભવાતા નથી પણ પરપણે અનુભવાય છે. એવા રાગાદિ પરભાવોને અને પરદ્રવ્યોને અજ્ઞાની પરાણે–પરાણે પોતાનું સ્વ બનાવવા માગે છે. તે ઊર્ધ્વ એવા સ્વતત્ત્વને ચૂકીને અધોગતિરૂપ એવા પરભાવરૂપ પરિણમે છે, તેમાં જ સર્વસ્વ માનીને મિથ્યાત્વાદિરૂપ વર્તે છે, તે જ પરમાર્થે અધોગતિ છે. ઊર્ધ્વગતિ,–ઊર્ધ્વપરિણતિ તો આત્માની શુદ્ધચેતના જ છે; તે ચેતનારૂપે જ ધર્મી પોતાને અનુભવે છે.

ચેતનારૂપ એવો હું–તેમાં અચેતન એવા પરભાવો નથી. આનંદરૂપ એવો હું તેમાં દુઃખ નથી. વર્તમાન આવા શુદ્ધઆત્માને હું–પણે અનુભવનાર ધર્માત્મા સદા–નિત્ય નિષ્કર્મરૂપ આત્મામાં જ વર્તે છે, પરભાવોને સ્વમાં આવવા દેતા નથી, તેથી તેને ત્રણેકાળના પરભાવોનો વર્તમાન અનુભૂતિમાં ત્યાગ વર્તે છે. –આનું નામ પ્રતિક્રમણ, આનું નામ પ્રત્યાખ્યાન, ને આનું નામ આલોચના; વર્તમાન શુદ્ધઅનુભૂતિમાં એ બધું સમાઈ જાય છે.

માટે ‘હું’ કોણ છું–એવા સાચા સ્વરૂપની ઓળખાણ કર....ને ‘‘હું’’ માં ‘‘તું’ નથી એમ જાણ. ૧૪૮ કર્મપ્રકૃતિ–જડ, તે હું નહિ; તે પ્રકૃતિ તરફનો બંધભાવ તે હું નથી; શુદ્ધચેતનામાં સમાતો ભાવ તે જ હું છું –એમ ચેતનાપણે પોતાને અનુભવ.

કોઈ કહે–હું મને ભૂલી જાઉ તો? હું ખોવાઈ જાઉ તો?–તો જ્ઞાની તેને જ્ઞાનચિહ્નરૂપી દોરો બાંધી દે છે કે હે ભાઈ, જ્યાં જ્યાં તું જ્ઞાનદોરો દેખ તે જ્ઞાનદોરાની નિશાની વડે ઓળખી લેજે કે ‘આ હું છું;’ જ્ઞાનથી જાુદા બીજા ભાવો તે હું નથી–એમ જાણજે; એટલે પરભાવોમાં તું ખોવાઈ નહિ જા, પરભાવોથી તારી ભિન્નતાનું ભાન તને રક્ષા કરશે.

જ્ઞાનદોરો જેને બાંધેલો છે તે જ ‘હું’ છું –એમ જ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવનાર જીવ સંસારરૂપી મોહનગરીમાં ખોવાતો નથી.

બધાય રાગાદિ પરભાવોથી જાુદા એવા ‘હું’ ને હું–પણે અનુભવમાં લેવો તેમાં અંતર્મુખતાનો અપૂર્વ આનંદ છે, અપૂર્વ પુરુષાર્થ છે.

અરે, જીવો ‘હું’ ને જ ભૂલ્યા! પોતાને જ ભૂલ્યા! પોતે જ પોતાને જડતો નથી–એ આશ્ચર્ય છે! કોઈ કહે ‘હું’ ખોવાઈ ગયો છું, હું મને જડતો નથી ’ –અરે ભાઈ! પણ ‘હું ખોવાઈ ગયો’ એમ કહેનારો તું પોતે કોણ છો? –‘એ તો હું જ છું. ’

ભાઈ, તું ખોવાઈ નથી ગયો; ભ્રમણાથી તેં માન્યુ છે કે હું ખોવાઈ ગયો. પણ જરાક શાંત થા... ધીરો થા...પરભાવોથી જાુદો પડીને દેખ કે આ જ્ઞાન છે તે

કોનું છે? જ્ઞાન તો હું જ છું; જ્ઞાનસ્વરૂપે જે અનુભવમાં આવે છે તે બીજું કોઈ નહિ પણ તે હું જ છું. –આમ સર્વ પરભાવોથી ભિન્ન શુદ્ધ જ્ઞાનપણે ધર્મી પોતાને અનુભવે છે.

ધર્મીને આવો અનુભવ એકલા સ્વદ્રવ્યની સહાયથી જ થાય છે; તેમાં બીજા કોઈની જરાય સહાય નથી, શુભ વિકલ્પનીય સહાય તેમાં નથી. સ્વતત્ત્વના શુદ્ધઅનુભવમાં રાગના શુભવિકલ્પની પણ જે સહાય માને તે 'હું' માં 'તું' ને ભેળવી દે છે, પારકી વસ્તુને પોતામાં ભેળવીને ચોરી કરે છે, સ્વતત્ત્વને ભૂલી જાય છે...ને તેથી સંસારમાં રખડે છે.

ધર્મીના સ્વતત્ત્વના અનુભવમાં શુદ્ધચેતનારૂપ સ્વદ્રવ્ય સિવાય બીજા બધાનો અભાવ છે; પરનો એક અંશ પણ તેમાં નથી. આવો હું છું. 'હું કોણ છું?' –કે શુદ્ધ ચેતનારૂપે જે અનુભવમાં આવી રહ્યો છે–તે હું છું.

આવો અનુભવ કરે ત્યારે 'હું કોણ' તે જાણ્યું કહેવાય; તેણે આત્માને જાણ્યો, તે મોક્ષમાર્ગમાં આવ્યો, તેણે પરભાવોને છોડયા; ને પોતાના સ્વઘરમાં આવીને તે વસ્યો. હવે સાદિઅનંતકાળ સ્વઘરમાં આનંદપૂર્વક તે રહેશે.

## " કર વિચાર તો પામ "

પ્રશ્ન :– આત્માના વિચારમાં તો વિકલ્પ થાય છે?

ઉત્તર :– 'વિચારમાં તો વિકલ્પ થાય છે' –એમ સમજીને કોઈ જીવ વિચારધારા જ ન ઉપાડે, તો કહે છે કે હે ભાઈ! આત્મવિચારમાં કાંઈ એકલા વિકલ્પ જ નથી; વિચારમાં ભેગું જ્ઞાન પણ તત્ત્વનિર્ણયનું કામ કરે છે. એમાં જ્ઞાનની મુખ્યતા કર ને વિકલ્પને ગૌણ કર. આમ સ્વરૂપનો અભ્યાસ કરતાં કરતાં જ્ઞાનનું બળ વધતાં વિકલ્પ તૂટી જશે ને જ્ઞાન રહી જશે, એટલે કે વિકલ્પથી છૂટી જ્ઞાન અંતરમાં વળીને સ્વાનુભવ કરશે.

–પણ જે જીવ તત્ત્વનું અન્વેષણ જ કરતો નથી, આત્માની વિચારધારા જ ઉપાડતો નથી તેને તો નિર્વિકલ્પ સ્વાનુભવ થવાનો અવસર કયાંથી આવશે? માટે જે જિજ્ઞાસુ થઈને સ્વાનુભવ કરવા માંગે છે, તે યથાર્થ તત્ત્વોનું અન્વેષણ કરીને તત્ત્વનિર્ણય કરે છે ને સ્વભાવ તરફની વિચારધારા ઉપાડે છે, તે જીવ પોતાનું કાર્ય અધૂરું મુકશે નહીં. તે પુરુષાર્થ વડે વિકલ્પ તોડીને સ્વરૂપમાં ઉપયોગ જોડીને નિર્વિકલ્પ સ્વાનુભવ કરશે જ. સ્વભાવના લક્ષે ઉદ્યમ ઉપાડયો તે વિકલ્પમાં અટકશે નહિ, વિકલ્પમાં સંતોષ પામશે નહિ; તે તો સ્વાનુભવથી કૃતકૃત્યદશા પ્રગટ કર્યે જ રહેશે. માટે કહ્યું છે કે 'કર વિચાર તો પામ.'

# ધર્માત્માની જ્ઞાનચેતના

## ( જ્ઞાનસ્વભાવને ચેતે–અનુભવે તેનું નામ જ્ઞાનચેતના )

જ્ઞાનીના હૃદયનું રહસ્ય આ પ્રવચન–લેખમાં ભર્યું છે. જ્ઞાનીના અંતરના આત્મભાવો સમજવા માટે, તેમની પરિણતિ ઓળખવા માટે, ને પોતામાં તેવા ભાવો પ્રગટ કરવા માટે ‘ધર્માત્માની જ્ઞાનચેતના’નું મનન આત્માર્થી જીવોને બહુ ઉપયોગી થશે. –સં.

( સમયસાર કળશ ૩૨૩–૩૨૪ વગેરેના પ્રવચનમાંથી )

‘જ્ઞાનચેતના’ તે ધર્માત્માનું ચિહ્ન છે. જ્ઞાનચેતના વડે ધર્મી જીવ પોતાને નિરંતર શુદ્ધસ્વરૂપે અનુભવે છે. જ્ઞાનચેતના પોતાના સ્વભાવને સ્પર્શનારી છે. અમુક શાસ્ત્ર આવડે તો જ્ઞાનચેતના કહેવાય–એમ નથી; પણ પોતાના શુદ્ધ સ્વભાવને સ્પર્શે–અનુભવે એનું નામ જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનાનું કામ અંદરમાં સમાય છે. અંતરના સ્વભાવને સ્પર્શ્યા વિના શાસ્ત્રાદિનું ગમે તેટલું જાણપણું હોય તોપણ તેને જ્ઞાનચેતના કહેતા નથી; કેમકે તે તો રાગને સ્પર્શે છે–રાગને અનુભવે છે.

ધર્મીની શરૂઆત, મોક્ષમાર્ગની શરૂઆત કે સુખની શરૂઆત ‘જ્ઞાન ચેતના’ થી થાય છે. જ્ઞાનચેતના એટલે શુદ્ધ આત્માને અનુભવનારી ચેતના; તેમાં રત્નત્રય સમાય છે. આ જ્ઞાનચેતનાનો સંબંધ શાસ્ત્રના ભણતર સાથે નથી; જ્ઞાનચેતના તો અંતર્મુખ થઈને આત્માના સાક્ષાત્કારનું કાર્ય કરે છે. જ્ઞાનચેતનાના બળે જ્ઞાની અલ્પકાળમાં જ કેવળજ્ઞાનને બોલાવી લ્યે છે.

જ્ઞાનચેતનાનું કાર્ય વિકલ્પ કે વાણી નથી. કોઈ પૂછે કે જ્ઞાનચેતના પ્રગટે એટલે બધા શાસ્ત્રોનાં અર્થ ઉકેલતાં આવડી જાય, ને બીજાને ઉપદેશ દઈને સમજાવતાં આવડી જાય–એ જ્ઞાનચેતનાનું ફળ છે?

–તો જ્ઞાની કહે છે કે ના; જ્ઞાનચેતનાનું ફળ તો એ છે કે પોતાના આત્માને ચેતી લ્યે; આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ કરી લેવો તે જ્ઞાનચેતનાનું ફળ છે. જ્ઞાનચેતનાના ફળમાં શાસ્ત્રના અર્થ ઉકેલતાં આવડે એવું કાંઈ તેનું ફળ નથી, પણ આત્માના અનુભવનો ઉકેલ પામી જાય–એવી જ્ઞાનચેતના છે. તે જ્ઞાનચેતના તો અંતરમાં પોતાના આનંદસ્વરૂપ આત્માને ચેતે છે. (આ ન્યાય ખાસ સમજવા યોગ્ય છે.)

જ્ઞાનચેતનાનું કાર્ય અંતરમાં આવે છે, બહારમાં નહીં. કોઈ જીવ શાસ્ત્રોના અર્થોની ઝપટ બોલાવતો હોય તેથી તેને જ્ઞાનચેતના ઊઘડી ગઈ છે એમ તેનું માપ નથી; કેમકે કોઈ જીવને ભાષાનો યોગ ન હોય ને કદાચ તેવો પર તરફનો વિશેષ ઉઘાડ પણ ન હોય છતાં અંદર જ્ઞાન–ચેતના હોય. ને કોઈને કદાચ તેવો વિશેષ ઉઘાડ હોય તોપણ તે કાંઈ જ્ઞાનચેતનાની નિશાની નથી, જ્ઞાનચેતનાનું કાર્ય તો અંતરની અનુભૂતિમાં છે. જેણે જ્ઞાનને અંતરમાં વાળીને રાગથી ભિન્ન સ્વરૂપને અનુભવમાં લઈ લીધું છે તે જીવને અપૂર્વ જ્ઞાનચેતના અંદરમાં ખીલી ગઈ છે. એની ઓળખાણ થવી જીવોને કઠણ છે.

ભાઈ, તારે જન્મ–મરણનાં દુઃખ ટાળવા હોય ને આત્માનું સુખ જોઈતું હોય તો, ધ્યાનના વિષયરૂપ એવા તારા શુદ્ધ સ્વભાવને અનુભવમાં લે. એ અનુભવમાં આનંદસહિત જ્ઞાનચેતના ખીલી ઊઠશે. બહારનાં ભણતર વડે જ્ઞાનચેતના નથી ખીલતી. અંદર જ્ઞાનસ્વભાવને ચેતે– અનુભવે એનું નામ જ્ઞાનચેતના. આવી જ્ઞાનચેતના તે સમ્યગ્દ્રષ્ટિનો ધર્મ છે. અજ્ઞાની પોતાને રાગપણે જ ચેતે છે–અનુભવે છે, તે અજ્ઞાનચેતના છે, તે કર્મચેતના છે. જે રાગાદિ અશુદ્ધતાને જ અનુભવે છે તેને રાગ–દ્વેષ–મોહરહિત જે શુદ્ધજ્ઞાન તેના સ્વાદની ખબર નથી. ધર્માત્માની જ્ઞાનચેતના રાગથી ભિન્ન અંતર્મુખ છે; પર્યાયે શુદ્ધસ્વભાવને સ્પર્શીને તેનો અનુભવ કર્યો છે. તે ચેતના રાગને નથી સ્પર્શતી, રાગથી તો જુદી

જ રહે છે. તે જ્ઞાનચેતના આત્મિકરસથી ભરપૂર છે, અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે. ધર્મીને આત્મામાં આનંદથી ભરેલા ચૈતન્યકલ્લોલ ઊલ્લસે છે.

ધર્મીએ અંતરમાં ધ્યેય કરીને પોતાના પરિપૂર્ણ આત્માને જાણ્યો; ત્યાં આખા જગતને પણ જાણી લ્યે એવું જ્ઞાનનું સામર્થ્ય પ્રતીતમાં આવ્યું. જીવ અખંડ જ્ઞાનસ્વભાવી છે, તો તે જ્ઞાનનું સામર્થ્ય અધૂરું કેમ હોય ? આખો સર્વજ્ઞસ્વભાવ ધર્મીએ પોતામાં દેખ્યો, ત્યાં તે જગતનો જ્ઞાતા થયો.

જ્ઞાનસ્વરૂપ આત્માને જે ચેતે તે જ્ઞાનચેતના; રાગવડે આવી જ્ઞાનચેતના નથી પ્રગટતી. રાગનો તો જ્ઞાનચેતનામાં અભાવ છે. જ્ઞાનચેતના તો ચૈતન્યપ્રકાશથી ભરેલી છે. જ્ઞાનચેતનાવડે શુદ્ધઆત્માને જે અનુભવે છે તેને શુદ્ધતા પ્રગટે છે. ને અજ્ઞાનચેતનારૂપ અશુદ્ધતાને જે અનુભવે છે તેને અશુદ્ધતા જ થાય છે. આ રીતે જ્ઞાનચેતના તે મોક્ષમાર્ગ, ને અજ્ઞાનચેતના તે સંસારમાર્ગ છે.

ચોથા ગુણસ્થાનથી જ જ્ઞાનચેતનારૂપ મોક્ષમાર્ગ પ્રગટયો છે. જ્ઞાનચેતના વગર મોક્ષમાર્ગ હોય નહિ. આનંદમય જ્ઞાનચેતનાને પરિણમાવતા જ્ઞાની ચૈતન્યના પ્રશમરસને પીએ છે. જ્ઞાનચેતના આનંદસહિત હોય છે. જ્ઞાનચેતના ખીલે ને આનંદનો અનુભવ ન થાય એમ બને નહિ. રાગથી જુદી પડીને શુદ્ધસ્વભાવમાં એક થઈ–એવી જ્ઞાનચેતના શુદ્ધપરિણતિરૂપ વીતરાગવૈભવથી સહિત છે.

અરે, મનુષ્યપણું પામીને આ જ્ઞાનચેતના પ્રગટ કરવાનો અવસર છે. એ વસ્તુને ખ્યાલમાં તો લે. સાચું લક્ષ કરીને તેનો પક્ષ કરતાં, તેના અભ્યાસમાં દક્ષ થઈને તેનો અનુભવ થશે. પણ લક્ષ અને પક્ષ જ જેને ખોટા છે તે શુદ્ધતાનો અનુભવ કયાંથી કરશે ? અજ્ઞાની રાગનો પક્ષ કરે છે, –રાગથી કંઇક લાભ થશે એમ માનીને તેનો પક્ષ કરે છે એટલે તે રાગાદિ અશુદ્ધતારૂપે જ પોતાને અનુભવે છે. ધર્મી પોતાના શુદ્ધસ્વભાવને અનુભવે છે; –આવો શુદ્ધ અનુભવ તે મોક્ષમાર્ગ છે. જે આવા શુદ્ધઅનુભવરૂપ જ્ઞાનચેતના વગર પોતાને ધર્મી માને તેને ધર્મના સાચા સ્વરૂપની ખબર પણ નથી, ધર્મને કે ધર્મીને તે ઓળખતો જ નથી.

શુદ્ધ ચેતનાવસ્તુ રાગવગરની છે; તો તેનો અનુભવ પણ રાગ વગરનો જ હોય. વસ્તુ રાગરૂપ નથી, તેના અનુભવરૂપ પર્યાય પણ રાગરૂપ નથી. સાધકપણાની ભૂમિકામાં રાગ હોય પણ તે વખતેય ધર્મીની ચેતના તો રાગથી જુદી જ પરિણમે છે. ચેતનાને અને રાગને કાંઈ લાગતું વળગતું નથી. ચેતના તો સ્વભાવને સ્પર્શનારી છે, પરભાવને તે સ્પર્શતી નથી. ચોથા ગુણસ્થાનની જ્ઞાનચેતના કે કેવળીભગવાનની જ્ઞાનચેતના. એ બન્ને જ્ઞાનચેતના રાગ વગરની જ છે. આત્માના વૈભવમાં એકાગ્ર થયેલી આનંદમય જ્ઞાનચેતના ત્રણેકાળના વિભાવોથી મુક્ત છે. રાગઅંશ રાગમાં છે, ચેતનાઅંશ ચેતનામાં છે, બંને તદ્દન જુદા પોતપોતાના સ્વરૂપમાં વર્તે છે. ચેતનામાં રાગનો અભાવ જ છે.

જ્ઞાનચેતના વાણીને કે શાસ્ત્રને નથી પ્રકાશતી, જ્ઞાનચેતના તો શુદ્ધ ચૈતન્યને પ્રકાશે છે. આવી જ્ઞાનચેતના જ શુદ્ધતાનું કારણ થાય છે, રાગ અંશ શુદ્ધતાનું કારણ થતો નથી, તે તો પોતે અશુદ્ધ છે. અશુદ્ધ કારણ વડે શુદ્ધકાર્ય કેમ થાય ? –ન જ થાય; કારણ હંમેશાં કાર્યની જાતિનું હોય છે, વિરૂદ્ધ હોતું નથી. સ્વરૂપને ચેતનારી ચેતનાને જ ખરેખર જીવ કહ્યો છે, તે ચેતનામાં જીવ પોતાના ખરાસ્વરૂપે પ્રકાશે છે; રાગમાં શુદ્ધજીવ પ્રકાશતો નથી. શુદ્ધચેતનામાં અપાર તાકાત છે, એકલી વીતરાગતા તેમાં ભરી છે, આનંદ તેમાં ભર્યો છે; તે આનંદને અનુભવતી મોક્ષ તરફ દોડે છે.

**જ્ઞાનચેતના વડે જીવ શું કરે? આનંદને વેદે.**

**અજ્ઞાનચેતનાવડે શું કરે? રાગદ્વેષ-દુઃખને વેદે.**

**પરભાવના એક અંશને પણ જ્ઞાનચેતના વેદતી નથી.**

અહા, ‘જ્ઞાનચેતના’ ના મહિમાની જગતને ખબર નથી. જેને જ્ઞાનચેતના થઈ તે આત્મા સર્વે પરભાવોથી છૂટો પડી ગયો, તે નિજાનંદના સમુદ્રને અનુભવવામાં લીન થયો. વિકલ્પથી પાર જ્ઞાનચેતના અંદર સ્વભાવમાં ઘૂસી ગઈ છે, રાગાદિ પરભાવો તો અનુભવથી બહાર રહી ગયા છે. આવી અનુભવદશા જેને પ્રગટી છે તે જ્ઞાની છે...તેને ભગવતી જ્ઞાનચેતના વર્તે છે.

**जयवंत वर्तो ज्ञानचेतनावंत ज्ञानी भगवन्तों।**

# અં....જ....લિ

'ધર્માત્માની જ્ઞાનચેતના' વાંચીને
આપ પ્રસન્ન થયા હશો.
હવે એવા જ્ઞાનચેતનાવંત ધર્માત્મા
પ્રત્યેની અંજલિરૂપ આ પાનું પણ વાંચો.

## ચૈતન્યની પ્રાપ્તિ

ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિનો જેને ખરો રંગ લાગ્યો તે બીજી બધી ચિન્તા છોડીને નિશ્ચિંતપણે આત્મામાં ચિત્તને જોડે છે, ને આત્માના ધ્યાનથી કોઈ અપૂર્વ સુખ તેને અનુભવાય છે. આ બધું પોતામાં ને પોતામાં જ સમાય છે. આમાં પરની કોઈ ઉપાધિ નથી. પરની કોઈ ચિન્તા નથી. અહા, જેના અવલોકનમાં અત્યંત સુખ છે એવો હું છું–એમ તું પોતાના આત્માને દેખ. જ્યાં પોતામાં જ સુખ છે ત્યાં પરની ચિન્તા શી ? પરભાવોથી ભિન્ન થઈને જેના એક ક્ષણના અવલોકનમાં આવું સુખ, એના પૂર્ણ સુખની શી વાત ? એમ ધર્મીને આત્માનો કોઈ અચિન્ત્ય પરમ મહિમા સ્ફૂરે છે....પોતામાં જ આનંદના દરિયા ઉલ્લસતા તે દેખે છે. ધર્માત્માની આવી દશા જાણીને તું પણ હે જીવ ! નિશ્ચિંતપણે તારા આત્માને પરમ પ્રીતિથી ધ્યાવ...દિન–રાત તેની અત્યંત તીવ્ર ધગશથી ચિત્તને તેમાં એકાગ્ર કરી કરીને તારા આત્મસુખને અનુભવમાં લે.

### ''લોકમાં પ્રસિદ્ધિનું શું કામ છે''

અનુભવી ધર્માત્મા પોતાનું પદ પોતામાં જ દેખે છે, ને તેના અવલોકનથી પોતાનું કાર્ય સાધી જ રહ્યા છે, ત્યાં લોકમાં પ્રસિદ્ધિનું એને શું કામ છે ? ધર્મી જાણે છે કે અમારી પરિણતિ અંતરમાં અમારું કામ કરી જ રહી છે, ત્યાં લોકમાં બીજા જાણે કે ન જાણે તેનાથી શું પ્રયોજન છે ?

વાહ રે વાહ, જ્ઞાનીની નિસ્પૃહતા !

### સ્વાનુભૂતિનો મહિમા

સ્વાનુભૂતિ થતાં પરમ મહિમા આવે, પણ તે તો પોતામાં ને પોતામાં સમાય છે; મહિમા કરીને કાંઈ બીજાને બતાવવાનું નથી. અને બીજા મહિમા કરે તો પોતાને સંતોષ થાય એવું કાંઈ નથી; પોતાના અનુભવનો સંતોષ પોતામાં જ છે.

અહો, ગંભીર ઊંડું તત્ત્વ છે !

બીજા એને શું ઓળખશે ? –બીજાને એના જેવું થશે ત્યારે તેને ઓળખશે. ને એની ઓળખાણ એ જ સાચી અંજલિ છે.

જ્ઞાનીની જ્ઞાનચેતના અંતરમાં ચૈતન્યસુખના અનુભવમાં
રમતી રમતી આનંદથી સિદ્ધપદને સાધે છે.

'આત્માર્થી' ને સંસારમાં ક્યાંયે ન ગમ્યું....પણ એક આત્મામાં ગમ્યું, એટલે ઊંડે ઊંડે અંદર ઊતરીને આત્માને અનુભવમાં લીધો ને આનંદિત થયા. તેઓ કહે છે કે : ''હે જીવ ! તને ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ.''

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

( નાના–મોટા સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

પ્રશ્ન :– આત્માનો નિર્વિકલ્પઅનુભવ ચોથા ગુણસ્થાને થાય ?

ઉત્તર :– હા; ચોથું ગુણસ્થાન પ્રગટવાના સમયે એવો અનુભવ જરૂર હોય છે.

પ્રશ્ન :– દિવ્યધ્વનિ તે આત્માનો ગુણ છે ?

ઉત્તર :– ના; આત્મા અશબ્દ છે; ને દિવ્યધ્વનિ તે પુદ્ગલની પર્યાય છે.

બોધિ–સમાધિ હે પ્રભો !
હો સંત કેરા ચરણમાં;
જીવનમાં કે અંત સમયે
છૂટે નહિ, પ્રભુ એ કદા.

(દિલ્હીથી દીપક જૈન લખે છે:) ''રત્નસંગ્રહ'' ભેટ મળ્યું, તેમાં ૧૦૦ વચનામૃતો વાંચીને અત્યંત આનંદ થાય છે. પહેલાં વાંચેલું પણ આ ફેરે વાંચવાથી અતિ આનંદ થયો. 'બે સખી 'વાંચીને તો એવી પ્રેરણા મળી કે ધર્માત્માને ૨૨ વર્ષ સુધી સંકટ આવવા છતાં ધૈર્ય નથી છોડતા. અને સંસારમાં જ્યાં કોઈએ શરણ ન આપ્યું ત્યાં મુનિરાજે શરણ આપ્યું. ત્રીજું પુસ્તક 'ભગવાન મહાવીર' –તે વાંચતાં એમ થયું કે તે જીવે સિંહ જેવી તિર્યંચ પર્યાયમાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું, ને જો આ જીવ મનુષ્યપર્યાયમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ ન કરે તો એને ધિક્કાર છે. આપણને મહાન ઉપકારી સંતગુરુ મળેલ છે. તો તેમનું અનુસરણ કરવું જોઈએ.''

(ભરત એચ.જૈન બી.એ. મુંબઈથી લખે છે :) બે દિવસ અગાઉ આત્મધર્મ મળ્યું. અંદર એવું તે શું છે કે હાથમાંથી મુકવું જ નથી ગમતું ! પહેલાં હું માત્ર બાલવિભાગ વાંચતો પરંતુ આ વખતે પુરું આત્મધર્મ ફેરવતાં તેના દરેક લેખો ખૂબ જ ઉપયોગી અને આચરવા યોગ્ય લાગ્યા.'' (કોલેજનું ભણેલા યુવકો પણ કેટલા રસથી ધાર્મિક જ્ઞાનમાં રસ લ્યે છે તેનો આ એક નમૂનો છે. આવા તો ૬૦૦ ઉપરાંત કોલેજિયનો ઉત્સાહથી 'આત્મધર્મ' માં રસ લઈ રહ્યા છે–એ ગૌરવની વાત છે. કોણ કહી શકશે કે યુવાનો ધર્મમાં રસ નથી લેતા ? –સં.)

વિશેષમાં તેઓ લખે છે કે, ''જીવ ક્ષણિક સુખને મેળવી આનંદ માને છે તે ભૂલવા તેને સમ્યક્જ્ઞાનનું રટણ અભ્યાસ ઊંડું જ્ઞાન અતિ જરૂરી છે. તે માટે બાલવિભાગ દ્વારા અમને ઉપયોગી માર્ગદર્શન મળે છે. બાલવિભાગ દ્વારા ગુરુદેવની વાણી જ અમને સરળ શૈલિમાં મળે છે. આ તત્ત્વમાં નથી એવું કાંઈ અઘરું કે અટપટું–કે જે ન સમજી શકાય. અનેરૂં–અનોખું સીધું સાદું તત્ત્વ છે, કે જે ધ્યાન રાખીને અભ્યાસ કરશે તેને આ ભવ અનંત ભવોનો નાશ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિરૂપ બની રહેશે.''

કલકત્તાથી શાંતિભાઈ કે. શાહ લખે છે કે– ''અષાડ માસનો અંક બરોબર વાંચ્યો, વિચાર્યો, મનન કર્યો; ઘણો જ આનંદ થયો. શરીરની ક્રિયા અને આત્માની ઓળખાણબંને

ચીજ સ્વતંત્ર ભિન્ન છે એ પરમકૃપાળુ ગુરુદેવે ઘણા દાખલા દલીલ આધારો આપીને સમજાવ્યું છે. આ સંસારની મુસાફરી હવે થોડા વરસની અવશેષ રહેલ છે તેમાં આત્માની ઓળખાણ તુરત કરી લેવાની જરૂર છે.''

(રાજકોટથી રાજેન્દ્ર જૈન વગેરે લખે છેઃ) ''ચાલો આંબા ખાઈએ'' એ ચિત્ર (સભ્યપત્રક) મળ્યું; ચિત્રથી ઘણો જ બોધ લઈ શકાય છે. ચિત્ર દેખીને ઘણો આનંદ થયો. તેના ઉપર વિશેષ વિચાર કરતાં આત્મપ્રાપ્તિનો ઉપાય સમજાય છે. ક્યારે આત્મદર્શન થાય તેની ધૂન રહે છે. દરેક બાળકોએ અત્યારથી આવા સંસ્કાર કેળવવા ઘટે છે.''

જેઠ માસના અંકમાં રજુ થયેલ ગામે ગામ પાઠશાળા ચલાવવા બાબતની અપીલ વાંચીને જેતપુરના એક ભાઈએ તે બાબત ભાવપૂર્વક યોજના રજુ કરી–ને પાઠશાળા બાબતમાં રસ લીધો, તે બદલ ધન્યવાદ! પરંતુ આવી યોજના માટે ખાસ તંત્ર જોઈએ, – એકલા હાથે થઈ ન શકે. જયપુર–સંસ્થા તરફથી એક નવીન કોર્સના પુસ્તકો તૈયાર કરવા પ્રયત્ન થઈ રહ્યો છે, પરંતુ તે શીખવવા માટે પણ પાઠશાળાઓ તો જોઈશે જ ને! – પહેલી જરૂર છે પાઠશાળાઓ ચાલુ કરવાની! જ્યાં નિયમિત પાઠશાળાઓ ચાલુ થાય ત્યાં પત્રદ્વારા અવારનવાર માર્ગદર્શન આપી શકીશું. જ્યાં પાઠશાળા ચાલતી હોય ત્યાંની પ્રવૃત્તિ તેમજ વિદ્યાર્થીઓનાં નામ મળે તો તે આત્મધર્મમાં આપવાનું જાહેર કરેલું–પરંતુ ખેદ છે કે ફતેપુર સિવાય બીજા એક પણ ગામેથી પાઠશાળા ચાલુ હોવાના સમાચાર આવ્યા નથી. –આ બાબતમાં સમાજ ક્યારે જાગશે !!! (–સં.)

મુંબઈથી સ. નં.૧૦૭ પૂછે છે–જિનેન્દ્રદેવ વીતરાગ છે. તેમને પૂજા કરનાર પ્રત્યે રાગ નથી, કે અનાદર કરનાર પ્રત્યે દ્વેષ નથી; છતાં આશ્ચર્ય છે કે તેમની પૂજા કરનાર સુખી ને વૈભવયુક્ત થાય છે. ને તેમનો અનાદર કરનાર દુઃખી–દરિદ્રી થાય છે. તેનું શું કારણ ?

ઉત્તર :– સ્પષ્ટ છે કે, જીવ પોતે પોતાના શુભ–અશુભ ભાવોનું ફળ પામે છે, ને જિનદેવ વીતરાગ તેને કાંઈ કરતા નથી. એ જૈનદર્શનની વિશેષતા છે કે જિનદેવ પોતે સ્તુતિ કરનાર ભક્તને કાંઈ સહાય નથી કરતા કે નિંદા કરનારને કાંઈ શિક્ષા નથી કરતા, છતાં સ્તુતિ કે નિંદા કરનાર પોતાના ભાવનું શુભ કે અશુભ ફળ જરૂર પામે છે. (આ વાત સમન્તભદ્રસ્વામીએ પણ વાસુપૂજ્ય ભગવાનની સ્તુતિમાં બતાવી છે.)

પ્રશ્ન :– જિનદેવને અંતરાય કર્મનો નાશ થયો છે તો તેઓ જગતના સર્વે જીવોને યથેચ્છદાન કેમ નથી આપતા ?

ઉત્તર : – ભગવાનને સંપૂર્ણ દાનશક્તિ પ્રગટી છે, પણ તે શક્તિનું કાર્ય પોતામાં હોય, પરમાં ન હોયઃ એટલે ભગવાન પોતાની શક્તિમાંથી ક્ષણે ક્ષણે પર્યાયમાં પૂર્ણ દાન પોતે પોતાને આપે છે. પણ પોતાની કોઈ પર્યાય બીજાને આપી દે એવું તો દાનશક્તિનું કામ નથી. દાન એટલે દેવું. પોતાની શક્તિમાં જે ભંડાર ભર્યો છે તે ખોલીને પોતાની પર્યાયમાં આપવો–તેનું નામ પરમાર્થ દાન છે.(આ જ રીત ભોગ–ઉપભોગ તે પણ પોતાના ભાવોમાં જ સમાય છે; કાંઈ પરવસ્તુનો ભોગ–ઉપભોગ ભગવાનને નથી.)

જામનગરથી જયેન્દ્રકુમાર જૈન લખે છે કે– ''રત્ન–સંગ્રહ'' પુસ્તક ભેટ મળ્યું; તેમાં ખરેખર રત્નો જ ભરેલા છે. આવા અમૂલ્યરત્નોની ભેટ આપવા બદલ ગુરુદેવનો ખરેખર ઉપકાર છે. આવા ભેટ–પુસ્તકના પ્રોત્સાહનથી અમારા જેવા

બાળકોમાં ખૂબ જ ધાર્મિક સંસ્કારો પડે છે.'' (તમારા પ્રશ્નોના જવાબ હવે પછી.)

''બાલવિભાગના હજારો સભ્યો અમને સાધર્મી કુટુંબ સમાન ભાસે છે''અને ''અમે તો જિનવરનાં સન્તાન છીએ'' એ પ્રકારનું લખાણ વાંચીને ઘણા સભ્યોએ પોતાનો ભાવભીનો ઉત્સાહ ને સાધર્મીપ્રેમ વ્યક્ત કર્યો છે.

અંધેરીના સ.નં.૧૯૯૩ પોતાનું પૂરું સરનામું મોકલો.

ધ્રાંગધ્રાથી શ્રી કેશુભાઇ એડવોકેટ 'આત્મવૈભવ' પુસ્તક વાંચીને પ્રમોદ વ્યક્ત કરતાં લખે છે કે ''આત્માની ૪૭ શક્તિઓને લગતું આ એક મહત્વનું પ્રકાશન છે; આ કાળે ઉત્સાહી જીવોને માટે એક આગમ-ગ્રંથ સમાન છે. આ શક્તિઓ દ્વારા વિચારવામાં આવે તો આત્મા જરૂર લક્ષગત થાય તેમ છે. સત્ વસ્તુની પ્રરૂપણા કરતું આવું અપૂર્વ-અજોડ અને સસ્તું સાહિત્ય અન્યત્ર જોવા મળે તેમ નથી. પોતાના અંતરમાં જોયેલો ને પ્રત્યક્ષ અનુભવેલો આત્મવૈભવ જગતના કલ્યાણ માટે ઉપદેશીને જ્ઞાની-મહાત્માઓએ અસીમ કરુણા કરી છે.''

છબીલભાઈ સંઘવી બીલીમોરાથી લખે છે કે- 'આત્મવૈભવ' પુસ્તક આવેલ, તે અહીં એક મહારાજશ્રીનું ચોમાસું હોઈ, તેઓને ઘણું સરસ લાગતાં ભેટ તરીકે આપેલ છે. તેથી બીજું એક 'આત્મવૈભવ' તેમજ 'આત્મપ્રસિદ્ધિ' બંને પુસ્તકો મોકલશોજી.

ફતેપુરથી બાલવિભાગના સભ્ય લલિતાબેન લખે છે કે-આત્મધર્મમાં નવું નવું જાણવાથી આનંદિત થાઉ છું. અમારે અહીંયાં આત્મવૈભવમાં ૪૭ શક્તિઓનું વર્ણન સાંભળવાથી આત્મ-આનંદમાં બહુ રસ આવે છે. ગુરુદેવના મોઢેથી સાંભળીએ તો તો બહુ જ આનંદ આવે. પણ મનની ધારેલી હોંશ પૂરી થતી નથી.

બીજું, અમારે અહીં ફતેપુરમાં પાઠશાળા ચાલે છે, ૬૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે; પહેલા ભાગથી પુરુષાર્થસિદ્ધિઉપાય સુધીના વિષયો ચાલે છે; પણ સુવર્ણપુરીમાં પાઠયપુસ્તકના નવા ભાગ તૈયાર થવાની વાત જાણી છે, તે કયારે છપાય તેની રાહ જોઈએ છીએ. સુવર્ણપુરીના પુસ્તકો વાંચવાથી બહુ સરસ સમજણ પડવા માટે તમારા પાઠય-પુસ્તકોની રાહ જોઈ રહ્યા છીએ.'' (તમને જાણીને આનંદ થશે કે જૈનબાળપોથી પછીનું પહેલી ચોપડીનું સુંદર પાઠયપુસ્તક લખાઈને લગભગ તૈયાર થઈ ગયું છે, થોડા જ માસમાં તમારા હાથમાં આવશે. – સં.)

રાજસ્થાનના શાહપુરથી મેટ્રિકના વિદ્યાર્થી સંભવકુમાર જૈન પૂછે છે-'પૃથ્વીની પ્રદક્ષિણા' લેખ વાંચ્યો; ચંદ્રલોકમાં દેવોની વસતી છે તથા ત્યાં જિનમંદિરો, બાગ-બગીચા વગેરે છે; તો રોકેટથી ચંદ્રનો ફોટો લીધો તેમાં તે કેમ નથી દેખાતા ?

ઉત્તર :- આજનું વિજ્ઞાન હજી ઘણું અધૂરું અને ખામીવાળું છે-તેમ વિજ્ઞાનીઓ પણ સ્વીકારે છે, ને વિજ્ઞાનીઓ પૃથ્વીના સ્વરૂપ બાબત હજી એકમત નથી. ત્યારે જૈન સન્તોનું વીતરાગ-વિજ્ઞાન પરિપૂર્ણ અને ખામી વગરનું છે. ચંદ્રલોકના ફોટાના નામે પ્રસિદ્ધ થયેલ ફોટો ખરેખર કોનો છે તે તો આપણે નથી કહી શકતા, કદાચ ચંદ્રનો હોય તોપણ તેમાં ચંદ્રલોકથી પૃથ્વીનું નીચેનું પડ દેખાય, એની પૂરી વિગતો ફોટામાં આવી ન શકે.

આજે કદાચ આ લાખો માઈલની વિશાળ પૃથ્વીનો ફોટો કોઈ પાડે તો શું તેમાં તમારા શાહપુરનું કે અમારા સોનગઢનું મંદિર કે માણસો દેખાશે ખરા? ઊંચા ઊંચા ગીરનાર ને હિમાલય જેવા પહાડો પણ જેમાં નથી દેખાતા, ને કદાચ દેખાય તો માત્ર નાના ધાબાં જેવું દેખાય છે, તેમાં મંદિરો કે માણસો તો કયાંથી દેખાય? એ પ્રમાણે ચંદ્રલોકના ફોટાનું સમજી લેવું.

આજનું વિજ્ઞાન કેટલું અધૂરું છે તેને માટે આ એક જ પ્રત્યક્ષ સાબિતી બસ થશે કે–જ્યાં સીમંધરનાથ આદિ તીર્થંકરભગવંતો અત્યારે પણ સાક્ષાત્ બિરાજે છે, ને ચાલુ સૈકામાં જ એમને નજરે જોયેલા મહાત્માઓ નજરસમક્ષ મોજુદ દેખાય છે–આવા વિદેહક્ષેત્રના અસ્તિત્વની આધુનિક સાયન્સને કે ભૂગોળને ખબર પણ નથી કે જે વિદેહક્ષેત્ર આ પૃથ્વી ઉપર જ જંબુદ્વીપમાં આવેલું છે. માટે ભાઈશ્રી, આત્મહિતને લગતી ધાર્મિક બાબતોમાં આધુનિક સાયન્સનું અવલંબન ઉપયોગમાં આવે તેવું નથી.

લાઠીથી શૈલેષકુમાર જૈન લખે છે કે–બાલવિભાગમાં ભેટ મળેલ ઈન્ડીપેન સ્કુલે લઈ જઉં છું ને બધા વિદ્યાર્થીઓ પૂછે છે ત્યારે કહું છું કે અમારા સોનગઢ તીર્થધામમાંથી મને ઈનામ આવ્યું છે. –આમ રોજ તીર્થધામનું નામ લેવાય છે.

અશ્વિન એમ. જૈન મોરબીથી ભાંગતૂટી ભાષામાં લખે છે–મને આત્મધર્મ બહુ ગમે છે. કાનગુરુ જેવા શૂરવીર સિંહ કયાંય નથી.

( દોહરો )

સૂતાં બેસતાં ઉઠતાં, ભણતાં ને વળી રમતાં,
–વિસાર્યું વિસરે નહિ, આત્મધર્મનું નામ.
– વિસાર્યું વિસરે નહિ, દેવગુરુનું નામ.

( નાના બાળકો! તમને જેવું આવડે તેવું ધર્મનું થોડુંઘણું લખવાની ટેવ રાખશો, તો તમને ઉત્સાહ આવશે. તમારા નાનકડા હાથે ઘણી મહેનતે લખાયેલું ભાગ્યુંતૂટયું લખાણ પણ અમને બહુ ગમશે. –માટે ખુશીથી લખજો. )

## ભાઈ-બહેન

શુદ્ધપયોગ તે મોક્ષાર્થી જીવનો ભાઈ છે. કેમકે તે શુદ્ધોપયોગ મોક્ષમાં જવા માટે ભાઈ સમાન સહાયક છે. અને નિર્મળ સમ્યક્દ્રષ્ટિરૂપ પરિણતિ તે ભદ્રસ્વભાવવાળી બહેન છે–કે જે મોક્ષાર્થી આત્મા ઉપર ઉપકાર કરે છે.

સમ્યક્દ્રષ્ટિરૂપ પરિણતિ તે આત્માની મુખ્ય અને ચોક્કસ ઉપકાર કરનારી બહેન છે. તે નિર્મળ આત્મદ્રષ્ટિરૂપી ભગિની સર્વ ભયનો નાશ કરીને આનંદ દેનારી છે.

( જુઓ–અષ્ટપ્રવચન: પૃ. ૧૧૭ )

## એક વારતા

**વારતા સુણો આજ મીઠી કે, ભક્તો આવો સ્વર્ણપુરી ધામમાં,**
**કહાનગુરુ ત્યાં બિરાજે ભક્તો આવો વિદેહજેવા ધામમાં.**

ભારત ખંડે દક્ષિણે પોન્નૂર પહાડ એક ધામ,
વર્ષ બે હજાર વીતી ગયા રહેતા એક મુનિરાજ.
આત્મ સ્વરૂપમાં ઝૂલતા, હતું આત્માનું ભાન.
નગ્ન દિગંબર વિચરતા કુંદકુંદ જેનું નામ.
છઠ્ઠે સાતમે ઝુલતા વિકલ્પ-નિર્વિકલ્પ થાય,
જેમ જ્ઞાન હિંડોળો ઝુલતો ઘડી આવે ને ઘડી જાય.
એને વિરહ પ્રભુના લાગીઆ, પંચમકાળ હતો ત્યાંય,
સાક્ષાત અરિહંત દેવના એને દર્શન ક્યાંથી થાય?
-વારતા સૂણો આજ મીઠી કે.

એ લગન જાગી અંતરમાં ભાવના મનમાં થાય,
કુંદકુંદ આચાર્ય ઋદ્ધિબળે સદેહે વિદેહમાં જાય.
સીમંધર પ્રભુજી શોભતા સમોસરણ ત્યાં ભરાય.
'એલાચાર્ય' કહેવાઈ ગયા, જેનો દેહ નાનકડો જણાય.
-વારતા સૂણો આજ મીઠ કે

દર્શન પ્રભુના કરી લીધા, સુણી વીતરાગ વાણીધાર,
ઋદ્ધિબળે પાછા વળ્યા, જાણીને સમયનો સાર.
ભાગ્ય ભક્તોના ઉજળા હતા, આવ્યો મુનિને રાગ.
સત્ય શાસ્ત્ર લખવા તણો વિકલ્પ મુનિને થાય.
-વારતા સૂણો આજ મીઠી કે

આત્મસ્વરૂપે ઝુલતાં એણે લખ્યું સમયસાર.
ભાગ્ય યોગે આવીયું એ....કહાનગુરુને હાથ.
રહસ્ય આગમનાં ખોલીયા બતાવ્યો સાચો માર્ગ,
જય હો જય હો કુંદપ્રભુ, જય હો કહાન ગુરુરાજ.

**વારતા સુણો આજ મીઠી કે, ભક્તો આવો સ્વર્ણપુરી ધામમાં,**
**કહાનગુરુ ત્યાં બિરાજે ભક્તો આવો વિદેહ જેવા ધામમાં.**

(વીંછીયાં નગરીમાં જન્મ જયંતી પ્રસંગે મુંબઈની ભજનમંડળીએ ગાયેલું ગીત.)

## કયા ગુણસ્થાને કયા કયા ભાવો હોય છે ?

- **જીવના ખાસ પાંચ ભાવો છે-**
  ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, ને પારિણામિક.
- **તેમાંથી કયા જીવને કયા કયા ભાવો સંભવે છે તેનો વિચાર;**
  - સિદ્ધ ભગવંતોને ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવો હોય છે. તે સિવાય સંસારી જીવોમાં નીચે મુજબ સમજવું–
  - ઉદયભાવ તથા પારિણામિકભાવ ૧ થી ૧૪ બધા ગુણસ્થાનોમાં હોય છે.
  - ક્ષયોપશમભાવ ૧ થી ૧૨ સુધીના બધા ગુણસ્થાનોમાં હોય છે.
  - ઉપશમભાવ ૪ થી ૧૧ સુધીના ગુણસ્થાનોમાં સંભવે છે.
  - ક્ષાયિકભાવ ૪ થી ૧૧ ગુણસ્થાનોમાં સંભવે છે, ને ૧૨ થી ૧૪ ગુણસ્થાનોમાં નિયમથી હોય છે.

કયા ગુણસ્થાને કયા ભાવ સંભવે છે તે નીચેના કોઠા પરથી ખ્યાલમાં આવશે–ઉદય અને પારિણામિક એ બે ભાવો બધા ગુણસ્થાનોમાં છે, બાકીના ત્રણ ભાવો કોઠામાં બતાવ્યા મુજબ છે. ( તેમાં ફૂદડીની નિશાનીવાળા ભાવો–તે તે ગુણસ્થાને સંભવિત છે; અને બાકીના ફૂદડી– વગરના ભાવો તે ગુણસ્થાને નિયમથી હોય છે એમ જાણવું. )

| ગુણસ્થાન–ક્રમ | –તેમાં વર્તતા ભાવો – | | |
|---|---|---|---|
| ૧ | ક્ષયોપશમ | – | – |
| ૨ | ક્ષયોપશમ | – | – |
| ૩ | ક્ષયોપશમ | – | – |
| ૪ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૫ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૬ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૭ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૮ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૯ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૧૦ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૧૧ | ક્ષયોપશમ | * ઉપશમ | * ક્ષાયિક |
| ૧૨ | ક્ષયોપશમ | – | ક્ષાયિક |
| ૧૩ | — | — | ક્ષાયિક |
| ૧૪ | — | —– | ક્ષાયિક |

(આ ઉપરાંત ઉદય અને પારિણામિક એ બે ભાવો બધા ગુણસ્થાનોમાં સર્વત્ર સમજી લેવા.)

- પાંચ ભાવોમાંથી જીવને ઓછામાં ઓછા બે ભાવો હોય છે. –તે કોને? કે સિદ્ધભગવંતોને; કયા બે ભાવો? એક ક્ષાયિક ને બીજો પારિણામિક.
- સિદ્ધભગવાન સિવાય સંસારી જીવોને ઓછામાં ઓછા ત્રણ ભાવો હોય છે; કોઈને ચાર હોય છે, ને કોઈને પાંચ પણ હોય છે; તે વાતની સમજણ પાછળના કોઠામાં મળશે.
- ઉપશમભાવવાળા જીવો સૌથી ઓછા; ક્ષાયિકવાળા તેથી વિશેષ; ક્ષયોપશમવાળા તેથી વિશેષ, ઉદયભાવવાળા તેથી વિશેષ : ને પારિણામિકભાવવાળા તેથી વિશેષ છે.
- કાળ અપેક્ષાએ સંસારી જીવોમાં–સૌથી થોડો કાળ ઉપશમનો, તેથી વિશેષ ક્ષાયિકનો, તેથી વિશેષ ક્ષયોપશમનો, તેથી વિશેષ ઉદયને અને પારિણામિકનો

  (માનનીય ટ્રસ્ટી શ્રી મગનભાઈનો પત્ર મળેલ, તે ઉપરથી આ વિવેચન આપ્યું છે. આ પાંચ ભાવોસંબંધી ૧૦૧ પ્રશ્નો અને ઉત્તરદ્વારા અનેકવિધ સ્પષ્ટતા માટે જુઓ–આત્મધર્મ અંક ૨૪૯ તથા ૨૫૦)

## ચાલો જાણીએ પુરાણની વાતો

રાજા રાવણ માંસાહારી ન હતો.

હનુમાનજી એ વાંદરો ન હતો. રાવણને રામે નથી માર્યો પણ લક્ષ્મણે માર્યો છે.

ભવિષ્યમાં લક્ષ્મણ અને રાવણ બંને સગા ભાઈ થશે.

રામચંદ્રજી માંગીતુંગીથી મોક્ષ પામ્યા છે. રાવણ અને લક્ષ્મણ એ બંને ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષ પામશે.

રાવણના ભાઈ કુંભકર્ણ બડવાનીથી મોક્ષ પામ્યા છે.

હનુમાનજી માંગીતુંગીથી મોક્ષ પામ્યા છે.

હનુમાનજીની માતા તે અંજનાસતી.

રાવણના પુત્ર ઈન્દ્રજીત બડવાનીથી મોક્ષ પામ્યા છે.

પાંડવો પાંચભાઈ ન હતા પણ છ ભાઈ હતા, –તેમાં સૌથી મોટા કર્ણ.

સૌરાષ્ટ્રમાં ૨૪ માંથી એક તીર્થંકર મોક્ષ પામ્યા છે, ને તે ગીરનાર ઉપરથી.

શ્રી કૃષ્ણ અને નેમિનાથ પીતરાઈ ભાઈ થાય.

શ્રી કૃષ્ણને બીજા છ ભાઈઓ (ત્રણ જોડકા) હતા, તેઓ મુનિ થઈને મોક્ષ પામ્યા છે.

શ્રીકૃષ્ણ હવે પછીના અવતારમાં તીર્થંકર થઈને મોક્ષ પામશે.




બંધુઓ તમને આનંદ સાથે નવું નવું જાણવાનું મળે તેવી યોજના અહીં રજુ કરી છે. નીચેના કોઠામાં એક તરફના ખાનામાં દશ શબ્દો લખ્યા છે; તે વાંચીને તેની સામેના ખાલી ખાનામાં તમારે એક નામ ગોઠવવાનું છે. કોષ્ટકની નીચે દશ નામ આપેલા છે, તેમાંથી કયું નામ કયા ખાનામાં બંધબેસતું છે તે તમારે લખવાનું છે. આમાં તમને ઘણું જાણવા મળશે. (તમે દશ મિનિટમાં દશ નામ ગોઠવી શકશો ?)

| | | |
|---|---|---|
| ૧ | સિંહ | |
| ૨ | ગીરનાર | |
| ૩ | ભરત ચક્રર્વતી | |
| ૪ | મહાવિદેહ | |
| ૫ | ચક્રવર્તી | |
| ૬ | કૈલાસગિરિ | |
| ૭ | સમયસાર | |
| ૮ | ષટ્ખંડાગમ | |
| ૯ | વૈશાખ સુદ બીજ | |
| ૧૦ | વાત્સલ્ય-ભક્તિ | |

સીમંધર ભગવાન, બાહુબલી, ધરસેન સ્વામી, ઋષભદેવ, શાંતિનાથ, નેમનાથ, મહાવીર, કુંદકુંદ સ્વામી, પૂ.કાનજી સ્વામી, પૂ. બેનશ્રી–બેન (આ દશ નામો તમારે ઉપરનાં ખાલી ખાનામાં બંધબેસતા કરવાના છે.)

## અમે જિનવરનાં સંતાન : નવા સભ્યોનાં નામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૮૧ | પ્રફુલ્લા એ. જૈન | ભાવનગર | ૨૦૯૪ | શશીકાન્ત અમૃતલાલ જૈન | સણોસરા |
| ૨૦૮૨A | ભૂપતકુમાર પોપટલાલ જૈન | લીંબડી | ૨૦૯૫ | વીરેશકુમાર એમ. જૈન. | ભાવનગર |
| ૨૦૮૨B | પ્રવીણાબેન પી. જૈન | લીંબડી | ૨૦૯૬ | હેમલતાબેન એમ. જૈન | ભાવનગર |
| ૨૦૮૨C | રેનુકાબેન. જૈન | લીંબડી | ૨૦૯૭ | પ્રફુલ્લકુમાર એમ. જૈન | મુંબઈ-૨ |
| ૨૦૮૨D | રેખાબેન પી. જૈન | લીંબડી | ૨૦૯૮ | ચંદ્રકાન્ત ચીમનલાલ જૈન | કાટોલ |
| ૨૦૮૨E | શૈલેશકુમાર પી જૈન | લીંબડી | ૨૦૯૯ | પ્રકાશચંદ્ર દોલતરાય જૈન | રાજકોટ |
| ૨૦૮૩A | કિરણબાળા મણિલાલ જૈન | લીંબડી | ૨૧૦૦ | ધીરીશકુમાર ભૂપતરાય જૈન | રાજકોટ |
| ૨૦૮૩B | ઉષાબેન એમ. જૈન | લીંબડી | ૨૧૦૧ | મંજુલાબેન મથુરભાઈ જૈન | સામલોદ |
| ૨૦૮૩C | સૂર્યાબેન એમ. જૈન | લીંબડી | ૨૧૦૨ | વર્ષાબેન પ્રવીણચંદ્ર જૈન | મુંબઈ-૩૧ |
| ૨૦૮૩D | વિભાબેન એમ. જૈન | લીંબડી | ૨૧૦૩ | શૈલેષકુમાર પી. જૈન | મુંબઈ-૩૧ |
| ૨૦૮૩E | સરોજબાળા એમ. જૈન | લીંબડી | ૨૧૦૪A | હેમાંગીનીબેન નગીનદાસ જૈન | વાંકાનેર |
| ૨૦૮૩F | અલકેશકુમાર એમ.જૈન | લીંબડી | ૨૧૦૪B | હર્ષદરાય નગીનદાસ જૈન | વાંકાનેર |
| ૨૦૮૪ | મનોજકુમાર મગનલાલ જૈન | અમદાવાદ | ૨૧૦૪C | જયશ્રીબાળા નગીનદાસ જૈન | વાંકાનેર |
| ૨૦૮૫A | રાજચંદ્ર એમ. જૈન | સાવરકુંડલા | ૨૧૦૪D | મનોજકુમાર નગીનદાસ જૈન | વાંકાનેર |
| ૨૦૮૫B | વીરેન્દ્ર મૂળજીભાઈ જૈન | સાવરકુંડલા | ૨૧૦૫A | રંજનબાળા મહાસુખલાલ જૈન | વઢવાણ શહેર |
| ૨૦૮૬ | પ્રવીણકુમાર આર.જૈન | સલાલ | ૨૧૦૫B | ઈન્દીરાબેન મહાસુખલાલ જૈન | વઢવાણ શહેર |
| ૨૦૮૭ | અલ્પેશકુમાર જૈન | દહેગામ | ૨૧૦૫C | ભારતીબેન મહાસુખલાલ જૈન | વઢવાણ શહેર |
| ૨૦૮૮ | જતીનકુમાર જૈન | દહેગામ | ૨૧૦૫D | કોકીલાબેન મહાસુખલાલ જૈન | વઢવાણ શહેર |
| ૨૦૮૯A | કલ્પનાબેન એસ.જૈન | જામનગર | ૨૧૦૬ | મહેન્દ્રકુમાર ચીમનલાલ જૈન | વઢવાણ શહેર |
| ૨૦૮૯B | સુવિધિ એસ.જૈન | જામનગર | ૨૧૦૭ | અશ્વિનકુમાર રમણીકલાલ જૈન | જેતપુર |
| ૨૦૯૦ | મધુસુદન જૈન | વઢવાણ | ૨૧૦૮ | જસવંતકુમાર નેમચંદ જૈન | સોનગઢ |
| ૨૦૯૧ | ચારૂલત્તાબેન જૈન | વઢવાણ | ૨૧૦૯ | હસમુખલાલ નેમચંદ જૈન | સોનગઢ |
| ૨૦૯૨ | ચૈતન્યકુમાર જૈન | ધોળકા | ૨૧૧૦ | અરવિંદકુમાર ચીમનલાલ જૈન | વઢવાણ શહેર |
| ૨૦૯૩ | પ્રકાશકુમાર જૈન | મુંબઈ-૫૬ | ૨૧૧૧ | બિપિનકુમાર શાંતિલાલ જૈન | મદ્રાસ |

# સાચા-ખોટાની પરીક્ષા કરો

બંધીઓ, બાલવિભાગના અભ્યાસથી હવે તમને સાચા–ખોટાની પરીક્ષા કરતાં આવડી ગઈ હશે. અહીં નીચે દશ જોડકા વાકયો આપ્યાં છે, તે દરેકમાં એક ખોટું છું ને એક સાચું છે. તો સાચું કયું? તે તમારે ઓળખી કાઢવાનું છે. ધીરજપૂર્વક વિચાર કરીને, જે ખોટું હોય તેના ઉપર હળવેથી ચોકડી મારી દેજો–જેથી કાગળ ફાટી ન જાય.

| | |
|---|---|
| ૧ ઈશ્વરે જીવને બનાવ્યો છે. | જીવ પોતે ઈશ્વર બને છે. |
| ૨ શુભરાગથી મોક્ષ મળે છે. | શુભરાગથી સંસાર મળે છે. |
| ૩ અરૂપી વસ્તુને જાણી શકાય નહિ. | અરૂપી વસ્તુને પણ જ્ઞાન જાણે છે. |
| ૪ આત્માને જ્ઞાનથી ઓળખી શકાય છે. | આત્માને કોઈ ઓળખી શકે નહિ. |
| ૫ જગતમાં કોઈ ઈશ્વર નથી. | જગતમાં સર્વજ્ઞ ઈશ્વર અનંતા છે. |
| ૬ ઈશ્વર જગતના કર્તા છે. | ઈશ્વર જગતના જ્ઞાતા છે. |
| ૭ શુભરાગ કરીએ તો ધર્મ થાય. | વીતરાગતા વડે ધર્મ થાય. |
| ૮ અરિહંત ભગવંતો ખાતા નથી. | અરિહંતભગવંતો ખાય છે. |
| ૯ આત્મા ખોરાકથી જીવે છે. | આત્મ ખોરાક વગર જીવે છે. |
| ૧૦ દેહ ને આત્મા જુદા છે. | દેહની ક્રિયા આત્મા કરતો નથી. |

(તમારા જવાબો સાચા છે કે ખોટા? તે જાણવા માટે આવતો અંક જુઓ.)

## હું કોણ છું?

આબાલવૃદ્ધને હું પ્યારું છું,
દેશ–પરદેશમાં ફરું છું,
ધર્મનો પ્રચાર કરું છું,
તમારા હાથમાં શોભું છું,
–કહોજી તમે હું કોણ છું?
(પહેલા અઢી અક્ષર બધા પાસે છે.
છેલ્લા અઢી અક્ષર મોક્ષ આપે છે.)
(કોયડો મોકલનાર : હરીશ જૈન,
જામનગર)

## આપણી બહેન

આપણા ધર્મની એક ઉત્તમ બહેન શોધી કાઢો.
જે મહાવીર ભગવાનના સગા થાય છે.
જેનું પાંચ અક્ષરનું નામ છે.
જેના પહેલા બે અક્ષર પ્રકાશ આપે છે.
જેના પહેલા ત્રણ અક્ષર સુગંધ આપે છે.
ચોથો એકલો અક્ષર બધાને બહુ ગમે છે.
ઘણા દુઃખ વચ્ચે પણ એણે ધર્મની આરાધના કરી છે.
દરેક બેનોને એના જેવા થવું ગમે છે.
ઓળખો છો એ બહેનને?

## વિવિધ સમાચાર

❀ અમદાવાદ શહેરમાં દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ભવ્ય દિગંબર જૈનમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, અને તેમાં પંચકલ્યાણકપૂર્વક જિનબિંબપ્રતિષ્ઠાનું શુભમુહૂર્ત સં.૨૦૨૫ ના ફાગણ સુદ પાંચમનું આવેલ છે. ( મૂળનાયક ભગવાન પારસનાથ બિરાજમાન થશે. )

❀ રણાસણ ( ગુજરાત ) માં પણ નવું દિગંબર જૈનમંદિર તૈયાર થાય છે અને તેમાં પંચકલ્યાણકપૂર્વક જિનબિંબ પ્રતિષ્ઠાનું શુભમુહૂર્ત સં.૨૦૨૫ ના ફાગણ વદ બીજનું આવેલ છે. ( મૂળનાયક ભગવાન આદિનાથ બિરાજમાન થશે. )

❀ આગામી સાલમાં વૈશાખ સુદ બીજે પૂ. ગુરુદેવની ૮૦ મી જન્મ–જયંતિ મુંબઈનગરીમાં ઉજવાય એવી ત્યાંના મુમુક્ષુમંડળની ઉત્કંઠા છે; તે માટે મુમુક્ષુમંડળ તરફથી ૮૦ સભ્યોનું પ્રતિનિધિમંડળ સોનગઢ આવીને શ્રાવણ વદ બીજે વિનતિ કરશે. બરાબર તે જ દિવસે પૂ. બેનશ્રી ચંપાબેનનો ૫૫ મો જન્મદિવસ હોવાથી સોનગઢમાં અનેરો ઉમંગ હશે : આ દિવસનું મુમુક્ષુમંડળનું જમણ પણ મુંબઈ મુમુક્ષુમંડળ તરફથી ગોઠવાયું છે. અમદાવાદથી પણ સોએક મુમુક્ષુ ભાઈ–બહેનો વિનતિ કરવા તે દિવસે આવશે. શ્રી પ્રવચનસાર શાસ્ત્રની બીજી આવૃત્તિનું પ્રકાશન પણ બીજના દિવસે થશે. ( આ બીજી આવૃત્તિમાં શ્રી જયસેનાચાર્યરચિત સંસ્કૃત ટીકા પણ છપાયેલ છે. કિંમત રૂા.સાડાપાંચ )

❀ સોનગઢમાં ધી બેંક ઓફ ઇન્ડીઆની શાખા ખુલી છે; બેંકનો ટેલિફોન નંબર ૪૮ છે. સોનગઢમાં ટેલિફોનની સગવડ થતાં દૂર વસતા મુમુક્ષુઓને ખાસ સુવિધા થઇ છે. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટની ઓફિસનો ફોન નં.૩૪ છે. પૂ. બેનશ્રીબેન ( ગોગીદેવી આશ્રમ ) નો ફોન નં.૩૭ છે.

❀ સોનગઢમાં કહાનગર સોસાયટીના ૬૦ બ્લોકસનું બાંધકામ ચાલી રહ્યું છે; આગામી વર્ષના ઉનાળા સુધીમાં તૈયાર થઈ જવાની ધારણા છે. ( બ્લોકસ બધા અપાઇ ગયા છે. )

❀ અષાડ માસની અષ્ટાહ્નિકા–દરમિયાન તેરહદ્વીપ–મંડલવિધાન પૂજન થયું હતું; તેરદ્વીપમાં આવેલ શાશ્વત જિનાલયોનું આ પૂજન અગાઉ શરૂ થયેલ તે આ

❀ અષ્ટાહ્નિકામાં પૂર્ણ થયું હતું. આ વખતનું અષ્ટાહ્નિકાપૂજન હરગોવિંદભાઈ દેવચંદ મોદી તરફથી હતું.

❀ પૂ. ગુરુદેવના પ્રવચનમાં સવારે કલશટીકા વંચાય છે, જે થોડા વખતમાં પૂર્ણ થશે. બપોરે પ્રવચનમાં સમયસાર (પંદરમી વખત) વંચાતું હતું તે શ્રાવણ સુદ પાંચમના રોજ પૂર્ણ થયું છે; ને સમયસારનો કર્તાકર્મ અધિકાર ફરી શરૂ કરેલ છે. સમયસાર ઉપર પંદરમી વખતના પ્રવચનમાં ૫૧૨ પ્રવચનો થયા–જેનું ટેપ–રેકર્ડિંગ થયેલ છે.

❀ પ્રૌઢ શિક્ષણવર્ગ શ્રાવણ સુદ પાંચમથી શરૂ થયેલ છે; અનેક ગામોથી જિજ્ઞાસુ ભાઈઓ આવીને ઉત્સાહથી અધ્યાત્મજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યા છે. સવારથી રાત સુધી સોનગઢનું વાતાવરણ ધાર્મિક મેળા જેવું શોભે છે.

❀ સોનગઢમાં દસલક્ષણી પર્યુષણ પર્વ ભાદરવા સુદ ૪ ને મંગળવારે શરૂ થશે. ત્યાર પહેલાં રાબેતા મુજબ ધાર્મિક પ્રવચનનાં ખાસ દિવસો શ્રાવણ વદ ૧૨ ને બુધવારથી શરૂ થશે.

# વૈરાગ્ય-સમાચાર

❀ નાઈરોબી (આફ્રિકા) ના ભાઈશ્રી કચરાભાઈ નરસી તા.૨–૫–૬૮ ના રોજ નાઈરોબી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. નાઈરોબી મુમુક્ષુમંડળના તેઓ એક ઉત્સાહી કાર્યકર હતા, તેમના ઘરેથી જ મુમુક્ષુમંડળની સ્થાપના થયેલ હતી; તેમને શાસ્ત્રાભ્યાસનો પણ રસ હતો, ને ટૂંક વખતમાં દેશમાં આવીને સોનગઢ રહેવાની તેમની ભાવના હતી.

❀ અમદાવાદના ભાઈશ્રી હિંમતલાલ પોપટભાઈ કામદાર (તે પ્રભાકરભાઈના પિતાજી) તા.૧–૭–૬૮ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

❀ દાહોદના ભાઇશ્રી સંતોકચંદજી માણેકચંદજીના ધર્મપત્ની કસ્તુરીબેન અસાડ સુદ દસમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ ત્રણ વખત દાહોદ પધાર્યા ત્યારે તેમણે લાભ લીધો હતો.

❀ મોરબીના ભાઈશ્રી છોટાલાલ નાનચંદ ટોળીઆ તા.૧૨–૭–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ મોરબી મુમુક્ષુમંડળના એક ઉત્સાહી કાર્યકર હતા.

❀ વઢવાણ શહેરના ભાઈશ્રી ધરમશીભાઈ મણિઆર (તે બ્ર. લલિતાબેનના પિતાજી) શ્રાવણ સુદ છઠ્ઠના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ચૈત્ર માસમાં ગુરુદેવ વઢવાણ પધારેલ ત્યારે તેમણે ઉત્સાહથી લાભ લીધો હતો.

– સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

# શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ-સોનગઢ.

**શ્રી પ્રમુખશ્રી,**

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-સંઘ**

શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મીટીંગ તથા વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી જૈન અતિથિ સેવા સમિતિની વાર્ષિક સામાન્ય સભા નીચે જણાવેલ તારીખે અને સમયે અત્રે શ્રી કુંદકુંદ પ્રવચનમંડપમાં રાખવામાં આવેલ છે તો આપના ગામના પ્રતિનિધિ સભ્યોને હાજર રહેવા ખબર આપવા મે. કરશોજી.

( ૧ ) શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળની કાર્યવાહક કમિટીની મીટીંગ

શ્રાવણ વદી૦ ) તા.૨૩-૮-૬૮ બપોરે ૪-૩૦ વાગે

( ૨ ) શ્રી જૈન અતિથિ સેવા સમિતિની વાર્ષિક મીટીંગ

ભાદરવા સુદી ૧ તા.૨૪-૮-૬૮ સવારે ૯-૩૦ વાગે.

( ૩ ) શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળની વાર્ષિક સામાન્ય સભા

ભાદરવા સુદી તા.૨૪-૮-૬૮ સવારે ૧૦ વાગે

લિ.

**નવનીતલાલ ચુનીલાલ જવેરી** — પ્રમુખ

**નેમીદાસ ખુશાલ શેઠ** — ઉપ-પ્રમુખ

**દિ. જૈન મુમુક્ષુ મહામંડળ-સોનગઢ.**

## શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ

શ્રી જૈન વિદ્યાર્થીગૃહ-સોનગઢની વ્યવસ્થાપક કમિટિની મીટીંગ સં.૨૦૨૪ ના ભાદરવા સુદ-૧ તા. ૨૪-૮-૬૮ ના સવારે ૯-૧૫ વાગે તથા જનરલ સભાની મીટીંગ ભાદરવા સુદ-૨ તા.૨૫-૮-૬૮ ના સાંજના ૪-૧૫ વાગે સોનગઢ ખાતે પ્રવચનમંડપમાં યોજવામાં આવી છે. તો સર્વે માનદ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

**મલુકચંદ છોટાલાલ શાહ**

**મંત્રી**

**શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ**

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદીર ટ્રસ્ટ

શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે ઉપરોક્ત ટ્રસ્ટની વાર્ષિક મીટીંગ ટ્રસ્ટની ઓફિસમાં નીચેના સમયે મળશે. તો દરેક ટ્રસ્ટીને હાજર રહેવા વિનંતી છે.

ભાદરવા સુદી ૧ ને તા.૨૪–૮–૬૮ બપોરેના ૪–૩૦ વાગ્યે.

ભાદરવા સુદી ૨ ને તા.૨૫–૮–૬૮ બપોરના ૪–૩૦ વાગ્યે.

લી.

નવનીતલાલ ચુનીલાલ જવેરી
પ્રમુખ
દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

## પ્રશ્નો સાત............ઉત્તર એક

**શુદ્ધ અધ્યાત્મની પ્રેરણા આપતું માસિક કયું ?**
**ગુરુદેવનો સન્દેશ ઘેરઘેર પહોંચાડતું માસિક કયું ?**
**આત્માર્થિતાને પોષતું અધ્યાત્મ-માસિક કયું ?**
**વાત્સલ્યભાવનાને વિસ્તારતું માસિક કયું ?**
**દેવ-ગુરુ-ધર્મની સેવાને અપનાવતું માસિક કયું ?**
**સર્વે જિજ્ઞાસુઓનું પ્રિય માસિક કયું ?**
**બાળકોને ધર્મનો ઉત્સાહ જગાડતું માસિક કયું ?**

આ સાત પ્રશ્નોના ઉત્તરની સાથે સાથે એક આઠમા પ્રશ્નનો જવાબ આપોજી–
– આપ આત્મધર્મનું લવાજમ દીવાળી પહેલાં ભરી દેશો ?

**લવાજમ ચાર રૂપિયા -**
**આત્મધર્મ કાર્યાલય**
**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

# સાં....ભ...ળો.... !

જો તમે પોતાનું હિત ચાહતા હો તો હે ભવ્ય જીવો ! શ્રીગુરુના આ હિતોપદેશને મન સ્થિર કરીને તમે સાંભળો. 'હે ભવ્ય જીવો ! હે મોક્ષના લાયક પ્રાણીઓ !' –આમ ઉત્તમ સંબોધન કરીને ભલામણ કરે છે કે વીતરાગવિજ્ઞાનનો આ ઉપદેશ તમે ધ્યાનપૂર્વક સાંભળો; દુઃખથી છૂટવા ને મોક્ષસુખ પામવા માટેનો આ ઉપદેશ ઉપયોગ લગાવીને તમે સાંભળો. તેનાથી જરૂર તમારું હિત થશે. બીજેથી ઉપયોગ હઠાવીને આ તમારા હિતની વાત પ્રેમથી–ઉત્સાહથી સાંભળો.

શ્રી ગુણધર આચાર્યદેવે कषायप्राभृत ૧૦મી ગાથામાં सुण એવો શબ્દ મુકયો છે, તેનો અર્થ કરતાં जयधवला ટીકામાં શ્રી વીરસેનસ્વામી લખે છે કે 'શિષ્યને સાવધાન કરવા માટે ગાથાસૂત્રમાં જે 'सुण એટલે કે સાંભળ' –એવું પદ છે તે એમ બતાવવા માટે છે કે અણસમજાુ શિષ્યને વ્યાખ્યાન કરવું નિરર્થક છે. ( પૃ. ૧૭૧ ) જેને સમજવાની દરકાર નથી એવા જીવને માટે ઉપદેશ નથી દેતા, પણ જે સમજવાની ધગશવાળા છે એવા શિષ્યોને કહે છે કે તમે સાંભળો. જેમ પાણી જોઈએ તો તે માટે ઘરના ગાય વગેરે પશુને તે નથી કહેતા કે પાણી આપ; કેમકે તેનામાં તેવી શક્તિ નથી. પણ સમજદાર આઠ વર્ષના બાળકને પાણી લાવવાનું કહેતાં તે સમજી જાય છે; તેમ આત્માનું સ્વરૂપ સમજવાની જેનામાં તાકાત છે, જેનામાં તેવી જિજ્ઞાસા જાગી છે એવા જીવોને સન્તો તેની વાત સંભળાવે છે ને કહે છે કે સુણ ! એટલે કે અમે જે ભાવ કહીએ છીએ તે તું લક્ષમાં લે. ભાવ સમજે તો જ ખરું સાંભળ્યું કહેવાય.

અહીં છઢાળાની બીજી ગાથામાં પણ કહે છે કે તમારા હિતની વાત સાંભળો ''सुनो भवि मन थिर आन'' હે ભાઈ ! દુઃખથી છૂટવાની ને સુખને પામવાની એવી તારા હિતની વાત તને કહીએ છીએ, તો તારા હિત માટે સાવધાન થઈને તું સાંભળ. આડી અવળી બીજીવાત ને બીજા વિકલ્પો છોડીને, આ વીતરાગવિજ્ઞાનની વાત લક્ષપૂર્વક સાંભળો. બીજા રસ છોડીને આ ચૈતન્યના વીતરાગવિજ્ઞાનમાં તત્પર થાઓ.

જાુઓ તો ખરા, સાંભળનાર શ્રોતાને પણ કેવી ભલામણ કરી છે ! અરે જીવો ! તમે તમારું કલ્યાણ ચાહતા હો, હિત ચાહતા હો, સુખ અને મોક્ષ ચાહતા હો તો તેને માટે આ વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ અમારી પાસે છે તે ધ્યાનપૂર્વક સાંભળો. બાકી સંસારમાં પૈસા વગેરે કેમ મળે કે રોગાદિ કેમ મટે–એનો ઉપદેશ અમારી પાસે નથી; અમારી પાસે તો સુખનો પોષક એવો વીતરાગવિજ્ઞાનનો જ ઉપદેશ છે. તેની જેને ગરજ હોય તે સાંભળો.

માત્ર 'સાંભળો' એમ નહિ પણ સ્થિર ચિત્ત થઈને સાંભળો, ને હિતના અભિલાષી થઈને સાંભળો કે અહો, આ મારા હિતની કોઇ અપૂર્વ વાત છે.

( –છઢાળા–પ્રવચનોમાંથી )

# દશ પ્રશ્ન.......દશ ઉત્તર

( ૧ ) પ્રશ્ન :- અમને આનંદ ક્યાંય ગોત્યો જડતો નથી !

ઉત્તર :- દુઃખ તો દેખાય છે ને ? -હા ! તો એ દુઃખની પાછળ જ આનંદ રહેલો છે. દુઃખ એ આનંદની વિકૃતિ છે એટલે જ્યાં દુઃખ છે ત્યાં તે જ વખતે આનંદશક્તિ વિદ્યમાન જ છે. આનંદશક્તિ ન હોય તો દુઃખ પણ ન હોય ( જેમકે જડમાં. ) -આ રીતે દુઃખ એ આનંદના અસ્તિત્વની પ્રસિદ્ધિ કરી રહ્યું છે !

( ૨ ) પ્રશ્ન :- હું કોણ ?

ઉત્તર : શુદ્ધ ચૈતન્યવસ્તુ તે હું.

( ૩ ) પ્રશ્ન :- વન્દનયોગ્ય કોણ ?

ઉત્તર :- આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધતા જેને પ્રગટી છે તે.

( ૪ ) પ્રશ્ન :- વન્દન કરનાર કોણ ?

ઉત્તર :- શુદ્ધતાને ઓળખીને તેને પ્રગટ કરવા ચાહતો હોય તે.

( ૫ ) પ્રશ્ન :- વન્દનની વૃત્તિ કયાં સુધી ?

ઉત્તર :- છઠ્ઠા ગુણસ્થાન સુધી જ.

( ૬ ) પ્રશ્ન :- અરિહંત પ્રભુ કેવળી પરમાત્મા કોઈને વંદન કરે ?

ઉત્તર :- ના. તેઓ વંદ્ય છે, વંદક નથી.

( ૭ ) પ્રશ્ન :- જગતમાં ભાવેન્દ્રિયો કેટલી ?

ઉત્તર :- અનંત.

( ૮ ) પ્રશ્ન :- જગતમાં દ્રવ્યેન્દ્રિયો કેટલી ?

ઉત્તર :- અસંખ્યાત.

( ૯ ) પ્રશ્ન :- જીવ શુભરાગથી શોભે છે ?

ઉત્તર:- ના; જીવની શોભા રાગથી નથી જીવની શોભા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી છે.

( ૧૦ ) પ્રશ્ન :- શુભરાગ તે સિદ્ધિનો ઉપાય છે ?

ઉત્તર :- ના; ઉપેય અને ઉપાય ( સાધ્ય અને સાધન ) એ બંનેરૂપે જ્ઞાન જ પરિણમે છે. જ્ઞાનનું અધૂરું પરિણમન તે સાધન, અને જ્ઞાનનું પૂરું પરિણમન તે સાધ્ય, એ રીતે બંનેમાં જ્ઞાનનું જ પરિણમન છે, તેમાં રાગ નથી. રાગનું ભવન તે કાંઈ સાધન નથી, તે તો બાધક છે; જ્ઞાનનું ભવન તે જ સાધન છે. સાધ્ય અને સાધન બંનેની એક જાત છે. સાધ્ય તો શુદ્ધ જ્ઞાન અને તેનું સાધન રાગ-એમ સાધ્ય-સાધનમાં વિરુદ્ધતા નથી. વિરુદ્ધ સાધન માને તે સિદ્ધિને સાધી શકતો નથી, તે સંસારમાં જ રખડે છે.

રાગને જે મોક્ષનું સાધન માને છે તે ઉપાય અને ઉપેય બંનેથી ભ્રષ્ટ છે; નથી તો તેઓ મોક્ષ પામતા, કે નથી મોક્ષના માર્ગને જાણતા; તેઓ તો મિથ્યાત્વથી સંસારમાં જ રખડે છે.

રાજા રામની આજ્ઞાથી સીતાજીને ઘોર વનમાં છોડીને પાછો ફરી રહેલ સેનાપતિ સીતાજીને પૂછે છે કે હે માતા! આપને રામચંદ્રજીને કાંઇ કહેવું છે? ત્યારે વન વચ્ચે પણ ધર્મને યાદ કરીને સીતાજી કહે છે કે–



અરે હો વીરા! રામજીસું કહિયો યું બાત,
લોક નિંદાતેં હમકો છાંડી, ધરમ ન છોડો ગાત......અરે૦

પાપ કમાયે સો હમ પાયે, તુમ સુખી રહો દિનરાત,
'દ્યાનત' સીતા થિર મન કીનો મંત્ર જપે અવદાત.......અરે૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (પ્રત : ૨૫૦૦)